# નવો સંસાર વસાવીશું
# નવો મનુષ્ય બનાવીશું



—બ્રહ્મવર્ચસ

# નવો સંસાર વસાવીશું
# નવો મનુષ્ય બનાવીશું

લેખક:
બ્રહ્મવર્ચસ્

પ્રકાશક :
યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ
ગાયત્રી તપોભૂમિ, મથુરા.
ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯
મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯
ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

પ્રાપ્તિ સ્થાન
શાખા અમદાવાદ
ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી,
જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન ૦૭૯-૨૭૫૫૭૨૫૨

સુધારેલી આવૃત્તિ-૨૦૧૨ કિંમત રૂ. ૯.૦૦

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# અનુક્રમણિકા


| અ. નં. | પ્રકરણ | પાન. નં. |
| --- | --- | --- |
| ૧. | વસુધૈવ કુટુંબનો સૈદ્ધાંતિક આધાર | ૩ |
| ૨. | વિશ્વ પરિવારનું સ્વપ્ન સહકારથી સાકાર થશે | ૧૩ |
| ૩. | સામાજિક પ્રણાલિકાઓને પુનર્જીવિત કરવી ઘણી જ જરૂરી | ૧૭ |
| ૪. | નવ જાગૃતિ માટે વિશ્વના પંડિતોનો અભિપ્રાય | ૨૯ |
| ૫. | પારિવારિક ભાવનાના વિસ્તારમાં એક જ સર્વસામાન્ય ભાષાની જરૂર | ૩૨ |
| ૬. | અણુબોમ્બના ઢગલા પર બેઠી છે આ દુનિયા | ૩૬ |
| ૭. | વિશ્વશાંતિ રચનાત્મક પ્રયત્નોથી સફળ થશે | ૪૩ |



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ૧. વસુધૈવ કુટુંબનો સૈદ્ધાન્તિક આધાર

મનુષ્યને ભગવાને ઘણું જ આપીને આ ધરતી પર મોકલ્યો છે. શારીરિક દષ્ટિએ તે ઘણા પ્રાણીઓની સરખામણીમાં કમજોર જરૂર છે. પરંતુ બૌદ્ધિક દષ્ટિએ એની પાસે જે કાંઇ સામર્થ્ય છે તેમાં બુદ્ધિ અને જ્ઞાનની અમૂલ્ય ભેટ પરમાત્માએ એટલી બધી આપી છે કે તે બળને આધારે તેણે જગતના તમામ પ્રાણીઓને પાછળ પાડી દીધાં છે. કોઇપણ વ્યક્તિ અન્યની તુલનામાં પોતાને અભાવ ગ્રસ્ત તેમજ અસહાય ભલે સમજે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે તે ન તો અભાવગ્રસ્ત છે કે નિર્બળ કે નિર્ધન. ખરેખર તેણે રડવાનું જ હોય તો સાધન સંપન્ન વ્યક્તિ પણ પોતાની પામે કંઇક કમી છે તેમ માનીને અસંતોષની આગમાં બળી મરે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે દયાજનક સ્થિતિમાં રહેનાર મનુષ્ય પણ ન અભાવગ્રસ્ત છે કે દયાપાત્ર.

પોતાની મહત્તા અને સર્વોપરિતાને પ્રત્યક્ષ સ્વીકાર્યા પછી પણ મનુષ્યના અંદરની ચેતનામાં શ્રેષ્ઠતાનો ભાવ છૂપાયેલો છે. એ બાબત ચોક્કસ છે કે અતિ દુઃખી વ્યક્તિ પણ દુઃખોથી છૂટકારો મેળવવા મૃત્યુ પસંદ કરતી નથી. ભાવાવેશમાં આવી જઇને કોઇ આપઘાત કરી લે તે અલગ બાબત છે, પરંતુ સત્ય બાબત એ છે કે મનુષ્યની અંદરની ચેતનામાં તેના જીવનની શ્રેષ્ઠતાના ભાવ ઊંડા મૂળ નાંખી બેઠા છે કે કોઇ પણ વ્યક્તિ અતિ ખરાબ પરિસ્થિતિમાં પોતે મૃત્યુ પસંદ કરતી નથી.

બાહ્ય પરિસ્થિતિને પરિણામે મનુષ્ય ભલે સામાન્ય જીવનવાળો જણાય, પરંતુ સત્ય એ છે કે દરેક વ્યક્તિને જન્મથી ભલે ઘણું પ્રાપ્ત ન થયું હોય તો પણ તેણે કંઇક તો અવશ્ય જ મેળવ્યું જ હોય છે. આંતરિક મનોબળ તેમજ બુદ્ધિની ચમત્કારી ક્ષમતા મનુષ્ય પાસે છે. આ બંનેથી જગતના ઉપલબ્ધ પદાર્થોનો પોતાને માટે ઉપયોગ કરીને અધિકાર પ્રાપ્ત કરી શકે છે, બૌદ્ધિક ક્ષમતાના ચમત્કારોને જોવાથી કહી શકાય કે મનુષ્યે અપાર સાધન સંપન્ન સંસારને તેના માટે નિર્મિત કર્યો છે.

પોતાની બુદ્ધિ પ્રતિભાથી મનુષ્યે વિવિધ જ્ઞાનની અને વિજ્ઞાનની અનેક શાખાઓનું નિર્માણ કર્યું છે, તેમજ પોતાની સગવડતાઓ અમર્યાદ વધારી છે. છતાં મનુષ્યને સંતોષ નથી એ નવાઇ પામવા જેવું છે. તે દિનપ્રતિદિન નવી સુવિધાઓ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મેળવવાના પ્રયાસ કરી રહ્યો છે. તેના પ્રયાસ કદાપિ અટક્યા નથી, પરંતુ દિનપ્રતિદિન વધી રહ્યા છે, એ પરથી આશા રાખી શકાય કે તે હવે ભવિષ્યમાં અધિક સાધન સંપન્ન થશે.

કોઇપણ શંકા વિના કહી શકાય કે બુદ્ધિ ચાતુર્યથી સાધનાની વધારે પ્રમાણમાં પ્રાપ્તિ થવાને લીધે મનુષ્યનો વૈભવ ઘણો જ વધી રહ્યો છે. જો કે આ જાતના વૈભવને અપૂરતો, નગણ્ય તેમજ અભાવ જેવો માનવામાં આવે છે. એનું કારણ વિચાર કે સમજ શક્તિની ખામીઓ છે. ટૂંકમાં, એટલું જ કહેવાય કે મનુષ્ય વિશ્વના અન્ય જીવોની તુલનામાં અધિક સાધન સંપન્ન છે, એટલું જ નહિ પણ તેના પૂર્વજોની તુલનામાં પણ અધિક સાધન મેળવવા એકધારી પ્રગતિ કરી રહ્યો છે. પ્રાચીન કાળના મનુષ્યની સ્થિતિ સાથે આજના મનુષ્યના વૈભવની તુલના કરવામાં આવે તો આકાશ પાતાળ જેટલુ અંતર રહે, એટલું નહિ બલ્કે સો બસો વર્ષ પૂર્વના સમાજની સંપન્નતા અને સાધનોની સગવડતાઓની દૃષ્ટિથી આજના સમાજની તુલના કરવામાં આવે તો કબૂલ કરવું પડે કે હાલની પરિસ્થિતિ બસો વર્ષ પૂર્વના મનુષ્યો માટે કલ્પનામાં ન આવે તેવી છે. આ પ્રગતિ અસામાન્ય જ નહિ, અદ્ભૂત પણ છે. તેમજ તેને પ્રાપ્ત કરવા માટે મનુષ્યની બુદ્ધિ ચાતુર્ય તેમજ પુરૂષાર્થ જવાબદાર છે.

મનુષ્યોની પ્રાપ્તિયોને વિશાળતાની દૃષ્ટિએ વિચારવામાં આવે તો હાલની પરિસ્થિતિને નિ:સંદેહ એક સુખદ સૌભાગ્ય જ કહેવાય. પરંતુ પ્રશ્ન કરવામાં આવે કે પ્રાપ્તિઓનો સદ્‌ઉપયોગ કર્યો, તો તેનો ઉત્તર જ નહિ મળે, જે પ્રાપ્ત કર્યું છે તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે ન જાણવાથી કે વિચારવાથી તેનો નિરંકુશ ઉપયોગ કરાય છે, તેને લીધે માત્ર વિનાશનું જ સર્જન થઇ રહ્યું છે. વિજ્ઞાન આજે ઘણું જ આગળ વધી રહ્યું છે. તેની શક્તિનો જો રચનાત્મક ઉપયોગ કરાય તો ઋતુના પ્રભાવોનું નિયંત્રણ, આંધી તોફાનોથી થતા વિનાશનો અટકાવ, વરસાદ અને પૂરનું નિયંત્રણ, સમુદ્રની ખારાશનું નિરાકરણ, ખાદ્યપદાર્થોના ઉત્પાદનમાં વૃદ્ધિ અને ગુણોમાં સુધાર, વિદ્યુત શક્તિનું ઉત્પાદન, આવાગમનની સુવિધાઓ તેમજ રોગ ફેલાવાનું નિયંત્રણ, જેવાં અનેક લોકોપયોગી કાર્યો થઇ શકે, તેમજ વર્તમાન જગતને અધિક સુખી, અધિક સુંદર તેમજ અધિંક ઉન્નતિવાળું બનાવી શકાય.

આજકાલ શિક્ષણ, શિલ્પ, ધન તેમજ શાસ્ત્રોના અનેક ક્ષેત્રોમાં ઉત્પાદન વધારવા તથા તેની શક્તિ વિકસાવવા પ્રયાસ થઇ રહ્યોં છે. તે પણ ધ્યાન આપવું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અનાવશ્યક સમજાઇ રહ્યું છે કે પ્રાપ્તિનો શ્રેષ્ઠ ઉપયોગ કઇ રીતે કરવામાં આવે, જેથી સુખ શાંતિની પરિસ્થિતિનું નિર્માણ થઇ શકે. જો આ દિશામાં આગળ ઉપર ઉપેક્ષા ચાલુ રહેશે તો શોધોનો વધતો ભંડાર મનુષ્ય માટે ભવિષ્યમાં વિનાશનું સર્જન કરશે.

ઉદાહરણ તરીકે વિજ્ઞાને પરમાણુની શોધ કરવામાં સફળતા મેળવીને એક મહાન શક્તિનો ભંડાર મનુષ્યે મેળવ્યો, પરંતુ સદુપયોગને બદલે દુરૂપયોગ થઇ રહ્યો છે. અણુ બોમ્બ શોધીને તેનો એટલો બધો જથ્થો પેદા કર્યો છે કે જેથી એક જ ક્ષણમાં આખી દુનિયાનો નાશ થઇ શકે. સંયુક્ત રાષ્ટ્રસંઘ મારફતે પ્રકાશિત કરાયું છે તે પ્રમાણે જગતના અણુ તાકાત ધરાવતાં દેશો પાસે અણુ બોંબ, પરમાણુ બોંબ તેમજ શક્તિશાળી શસ્ત્રોનો એટલો વિપુલ ભંડાર ભર્યો છે કે પૃથ્વીને એકવાર નહિ બલ્કે સાત-સાત વાર નષ્ટ કરી શકાય.

આ રીતે વિજ્ઞાનની કૃપાથી અગાઉ કરતાં અધિક ધન સંપત્તિ પેદા કરી શકાઇ છે. સંપન્નતાના ઘણાં નવાં સાધનો હાથ લાગ્યા છે. એ સાધનોનો સદુપયોગ ન કરવાથી ધન, વિલાસ અને શોષણ અર્થે વપરાઇ રહ્યા છે. કલાએ મનુષ્યને પશુપ્રવૃત્તિ તરફ ખેંચીને પતન અને કુમાર્ગે વાળ્યો. શિક્ષણે મનુષ્યનો અહંકાર વધાર્યો, ધૃષ્ટતાએ તેના હથિયાર ઉગામીને સાધારણ જનતાને દિંગ્મુઢ બનાવી. આ અનર્થ એક ક્ષેત્ર પૂરતું મર્યાદિત ન રહેતાં વ્યાપક બન્યું છે.

મનુષ્ય શરીર એવી વિભૂતિઓથી સંપન્ન છે કે જો એનો સદુપયોગ કરવામાં આવે તો મનુષ્યમા દેવત્વની ઝાંખી દેખાઇ આવે. એની માનસિક સ્થિતિ કરતાં સામર્થ્ય વધારે અદ્ભૂત છે. જો એને સર્જનાત્મક અને લોકમંગળના કાર્યો પાછળ ખર્ચવામાં આવે તો આ ધરતીનું ગૌરવ કહેવાયેલ સ્વર્ગથી પણ ઉન્નત બની શકે. પરંતુ દુર્ભાગ્યવશ કહેવું પડે છે કે શ્રેષ્ઠ વાત કોઇને ગળે ઉતરતી જ નથી.

મનુષ્યની પ્રત્યેક ઈન્દ્રિય પોતાના વિષયમાં સ્વ અનુભવ કરે છે. તેમજ તેના માધ્યમથી જીવનને વ્યવસ્થિત ચલાવે છે. જીવન નિર્વાહ માટે એ આવશ્યક છે અને ઇશ્વરે પ્રત્યેક મનુષ્યને પૂરતી સંપત્તિ આપી છે, જેથી જીવનશક્તિના રૂપમાં દેખાઇ આવે છે. એનો થોડોક અંશ ઇન્દ્રિયોના માધ્યમથી ખર્ચવો જરૂરી છે, જેથી કામ થઇ જાય છે. પરંતુ લોકો હંમેશા ઈન્દ્રિયોનો ભોગ વિલાસ પાછળ એવી ખરાબ રીતે દુરુપયોગ કે અપવ્યય કરે છે કે જેથી તમામ જીવન શક્તિનો દુરુપયોગ થવાથી ઉચ્ચતર આધ્યાત્મિક પ્રયાસ માટે કંઇ જ બાકી રહેતું નથી. આ વિષય ઉપર 'લીગફાર સ્પીરીચ્યુઅલ ડીસ્કવરી'



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ની ઇટાલીની શાખાએ અંતઃચેતનાનો વિસ્તાર અને એની 'અભિવ્યક્તિ' ઉપર એ ગ્રંથ પ્રકાશિત કર્યો છે. એ ગ્રંથમાં અનેક તર્કવિતર્ક, પ્રમાણ અને ઉદાહરણ પ્રસ્તુત કરતાં જણાવ્યું છે કે ધનની સ્વાર્થવૃત્તિ તેમજ ઇન્દ્રિય પ્રધાન ભોગો પ્રબળ રહેશે તો મનુષ્ય તેની અંદરની શક્તિથી વંચિત રહેશે. આવી પ્રવૃત્તિઓમાં નીચા સ્તરનું આકર્ષણ એટલું બધું અધિક છે કે તે મનુષ્યને ઉચ્ચ વિચાર અને આદર્શોને અપનાવવાની તક મળવા દેતા નથી.

વાસ્તમાં જો ઇન્દ્રિયોના માધ્યમથી અંદરની ચેતનાનો ઉપયોગ તુચ્છ પ્રયોજનમાં ન કરતાં તેની મહાન શક્તિને બરબાદ થતી રોકી શકાય અને તેને સારા ઉપયોગમાં લગાડવામાં આવે તો એ મહાન શક્તિના સદુપયોગ મારફતે સામાન્ય મનુષ્ય પણ મહાન બની શકે છે. પ્રશ્ન પૂછવામાં આવે છે કે બરબાદીને રોકીને તેણે પ્રાપ્ત કરેલ સ્થિતિને ઉચ્ચ પ્રયોજનમાં કેમ ઉપયોગ થતો નથી. એનો એક જ ઉત્તર છે કે મનુષ્ય ધર્મ, નીતિ અને સદાચારના આદર્શોને મહત્ત્વ આપતાં સમાજના અતિ ઉપયોગી કાર્યક્રમનું લક્ષ્ય જાહેર કર્યું, પરંતુ એ કાર્યક્રમમાં સંપૂર્ણ સ્વાર્થ અને પક્ષપાત એટલો ભળી ગયો કે જેને લીધે ઉપયોગનો હેતુ દુરુપયોગમાં પરિણમવાથી ન્યાયના સ્થાને અન્યાયનું સિંચન કરાય છે મધ્યકાલીન સામંતવાદી પરંપરાઓ એ જ પ્રકારની છે, એ સમયે એક વર્ગ બીજાને પાડી દેવામાં પોતાની બહાદૂરી સમજે છે તેમજ સમૃદ્ધિ માત્ર નહીં પરંતુ પ્રશંસા પ્રાપ્ત કરે છે. મધ્યકાલીન ઇતિહાસ એ રીતે જ મારધાડથી પૂરો થયો છે અને તેનાં પાનાની અંદર આક્રમણ કરવાવાળાઓને યોદ્ધા તરીકે ઓળખવામાં આવ્યા છે.

વીરતાની આ કેવી ક્રૂર મશ્કરી ? આ પ્રમાણે ધર્મનો વધારે ફેલાવો કરવા છતાં પણ તેની મહત્તા વધવાને બદલે ઘટી, અગાઉના દિવસોમાં બે મોઢાની નૈતિક્તાનો માપદંડ ચાલુ રહ્યો છે. પોતાના અને બીજાના માટે અલગ અલગ માપદંડ છે. આ રીતે કહેવાતા ધાર્મિક અને નૈતિક માપદંડની એટલી બોલબાલા છે કે એના ઉપદેશમાં નીતિ, ધર્મ, ઉદારતા, સહાયતા વગેરેનો સમાવેશ મનુષ્યે પોતાને અનુકૂળ હોય તેવો રાખેલ છે. પરાયા મનુષ્યો સાથે એવા સારા વ્યવહારની કિંમત સમજાવવામાં આવી નથી, પોતાના મંડળની બહાર ભલે તે પડોશી હોય, તેને લૂંટવો, તેને ઠગવો કે સતાવવો વગેરે વ્યવહારને ખરાબ સમજાવવામાં આવતો નથી. કેટલાંક ધર્મમાં એનું અનુકરણ ન કરનારને મલેચ્છ, કાફર વગેરે કહીને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લૂંટવો, એવો વ્યવહાર કરવાનું ખુલ્લુ જણાવવામાં આવ્યું છે.

ઘણાં લોકો વર્તમાન સમસ્યાઓનું સમાધાન અને પ્રગતિ માટે સદ્દજ્ઞાનને જ પૂરતું માને છે. તેઓ માને છે કે શિક્ષણ જ મનુષ્યને સભ્ય બનાવે છે. ઘણાંનુ એમ માનવું છે કે ધર્મની માન્યતા જ મનુષ્યને ઉંચે ઉઠાવે છે. પરંતુ આવી માન્યતાઓ એકાંગી અને અપૂર્ણ છે. આવશ્યક વસ્તુ એ છે કે સમસ્યાની નજીક પહોંચીને, વિચારીને એમ વિચારવામાં આવે કે જેની પાસે જ્ઞાન, સંપત્તિ તેમજ સાધન ઉપલબ્ધ છે તેનો સદુપયોગ થાય છે કે નહીં.

જ્યારે સમાજનો વિકાસ નહોતો થયો, આજનાં જેવા સાધનો અને સગવડો ઉપલબ્ધ નહોતી તેમજ મનુષ્યનો વિકાસ થયો ન હોતો, ત્યારે મનુષ્ય પોતાની શક્તિ સીમિત પ્રમાણમાં બુરાઇ અને નુકસાનમાં ઉપયોગ કરતો હતો. એ સ્થિતિ હાલ રહી નથી. હવે એવાં સાધનો ઉપલબ્ધ છે, કે જેની મદદથી તે ઇચ્છે તો મર્યાદા વિનાની હાની પહોંચાડી શકે છે. એ વસ્તુ સારી બાબત માટે છે કે સગવડતાઓ વિનાની સ્થિતિમાં આપણા પૂર્વજ સદ્દવિચારને મર્યાદિત માત્રામાં મર્યાદિત ક્ષેત્રમાં ફેલાવતાં હતા. એ રીતે પ્રાચીનકાળમાં જ્યારે દુનિયા વિખરાયેલી હતી, તેમજ મનુષ્યના સાધન મર્યાદિત હતા ત્યારે ખરાબ કામ મર્યાદિત નુકસાન પહોંચાડતાં હતાં, આજે વિજ્ઞાને દુનિયાને બહુ નાની બનાવી દીધી છે. આકાશ અને ધરતી પરના સાધનોથી અંતર ટૂંકા થઇ ગયા છે અને દુનિયાના દેશો જાણે ગલી કે મહોલ્લા બની ગયા છે.

આવી સ્થિતિમાં કોઇ પણ વ્યક્તિ કે સમુદાય સગવડોનો દુરુપયોગ કરવા ઇચ્છે તો તે ઘણું નુકસાન પહોંચાડી શકે છે અને સમસ્ત મનુષ્ય જાતિને નુકસાન કરી શકે છે. જો કોઇ વ્યક્તિ ઇચ્છે તો શ્રેષ્ઠતા દ્વારા સંસારને સુધારી શકે છે. વિજ્ઞાને મનુષ્યને એટલાં બધાં સાધન અને સગવડતાઓ બક્ષી છે કે હવે જાતિ, ધર્મ, સંપ્રદાયને આધારે વર્ગીય સ્વાર્થને અલગ રાખવો વિચારવા લાયક જ નથી, તેને માટે વ્યાપક દષ્ટિકોણ અપનાવવો પડશે. દુનિયા ઘણી નાની થઇ ગઇ છે, તેમ જ વિજ્ઞાને બેહદ પ્રગતિ કરી છે કે સમસ્ત વિશ્વને એક કુટુંબ માનવું પડશે. આ વિકાસ મનુષ્યની બુદ્ધિ શક્તિને લીધે જ થયેલ છે. આવશ્યક છે કે વિશ્વને કુટુંબ માનીને સાધનો અને સગવડતાઓનો ઉપયોગ કરવામાં આવે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આખી દુનિયા એક દેશ છે. મનુષ્ય જાતિનો એક જ વંશ છે. પ્રકૃતિ પ્રદાન સાધનો ઉપર તમામનો સરખો અધિકાર છે. તમામ મનુષ્યો એક જ પરમાત્માના સંતાનો છે. '' વસુધૈવ કુટુંબ ની ભાવનાને પરિણામે એક દિવસ સમસ્ત માનવજાતિ એક સૂત્રમાં હતી. ન સગવડતાઓની કમી હતી કે ન સાધનોનીની, તે વખતે સંકટ કે વિગ્રહ નહોતા, પરંતુ જ્યારે ભાગલાની પ્રવૃત્તિ ફૂલીફાલી, ત્યારે ખોવાની તેમજ અભાવગ્રસ્ત રહેવાની પરિસ્થિતિ દુ:ખદ દુર્ભાગ્યના રૂપમાં સામે આવી પડી. જાતિવાદ, વંશવાદ, રાષ્ટ્રવાદ, સંપ્રદાયવાદ, ભાષાવાદ, જેવી સંકુચિત ભાવના નહોતી.પરિણામે એક સૂત્રરૂપે એકતા, સમાનતા, પવિત્રતા, સ્નેહ, સહયોગ, આત્મીયતાથી ભરેલા પૃથ્વી પરના સ્વર્ગમાં મનુષ્ય નિવાસ કરતો હતો. બધે સુખશાંતિનું વાતાવરણ ફેલાયેલું હતું.

હવે પ્રાચીનકાળ જેવી સ્વર્ગીય પરિસ્થિતિ પેદા કરવા માટે આપણે એકતાનો આશરો લેવો પડશે, માર્ગમાં આવતાં અવરોધોને દૂર કરવા પડશે. વિશ્વ માનવને અલગ પાડવા ઘણી બુરાઈઓએ ભાગ ભજવ્યો છે. સામાન્ય રીતે તેને ત્રણ વિભાગમાં વહેંચી શકાય. (૧) રાષ્ટ્રવાદની સાંપ્રદાયિક ભાવના (૨) ધાર્મિક મતભેદ (૩) ભાષાઓની ભિન્નતા. પરસ્પર એકબીજા વચ્ચે, એક દેશની બીજા દેશ પ્રત્યે ઘૃણા પેદા કરવામાં આ ત્રણ તત્ત્વોએ મુખ્ય ભૂમિકા ભજવી છે. એને લીધે વિશ્વશાંતિના પ્રયાસો હંમેશા શંકાશીલ જ રહેશે. શાંતિ અને રક્ષણની સ્થાપના માટે યુનો, એમ્નેસ્ટી ઇન્ટરનેશનલ, ઇન્ટરનેશનલ પીસ ફાઉન્ડેશન જેથી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ ઘણાં વર્ષોથી પ્રયાસ કરે છે, પરંતુ એની નિષ્ફળતા કોઇથી અજાણ નથી. યુદ્ધ સંઘર્ષના નિવારણ માટે નિઃશસ્ત્રીકરણ જેવી કેટલીયે સમજૂતી થઇ. પરંતુ કોઇનાથી લક્ષ્ય પૂરું થઇ ન થઇ શક્યું. બધું જ માત્ર કાગળો ઉપર રહ્યું, તેમ છતાં સંઘર્ષ અને તનાવ આજે પણ ચાલુ છે. જે દેશોએ એ પ્રસ્તાવ પર હસ્તાક્ષર કર્યા, તે સ્વાર્થ સામે ઝૂકી ગયા. તેઓ માને છે કે નૈતિક રીતે તેમની ઘણી જવાબદારી હતી. ઇતિહાસ સાબિત કરે છે કે પાછલાં બે દસકાઓમાં સંઘર્ષ અને યુદ્ધોની સંખ્યા વધતી રહી છે. એ ચોક્કસ છે કે આજે પણ સંઘર્ષભરી પરિસ્થિતિ માટે ઉપરોક્ત ત્રણે બાબતો જવાબદાર છે. એ ત્રણેની હયાતિમાં શાંતિ માટે કરવામાં આવેલ તમામ પ્રયાસ વૃક્ષનાં મૂળના બદલે પાંદડા, ફૂલ, ફળ વગેરેને પાણી પાવા જેવા હાસ્યજનક સાબિત થશે.

આપણે અમુક દેશના વતની છીએ. આપણી જવાબદારી દેશની સીમાઓ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સુધી મર્યાદિત છે. નીતિ અને બેઇમાની દેશના હિત માટે જ કરવી જોઇએ. આવી રીતિ નીતિ થી જ દેશ દેશ વચ્ચે વિગ્રહ વધતો રહ્યો છે. સ્વચ્છ રાષ્ટ્રભાવના દેશ માટે આવશ્યક તેમજ ઉપયોગી છે. જે દેશમાં જન્મ્યાં, મોટા થયા એને માટે સામાજિક તેમજ નૈતિક વ્યવહાર ઉપયોગમાં લેવો જોઇએ. દેશના ઉત્થાન માટે સામાજિક મૂલ્યો અને નિર્ધાર જરૂરી છે, પરંતુ દેશભક્તિ સાંપ્રદાયિક સ્વરૂપ પકડે છે ત્યારે વિશ્વશક્તિ માટે ભયરૂપ બને છે. રાષ્ટ્રીય સાંપ્રદાયિકતાને બહેકાવવા ઘણી જ વખત વિવિધ જાતના મનોવૈજ્ઞાનિક પ્રયોગો રાજનેતાઓ તેમજ સત્તાધીશો મારફતે કરાય છે. અઢારમી સદીમાં બ્રિટનવાસીઓનું સૂત્ર હતું કે તેઓ કોઇ પણ સમયે ગુલામ નહિ બને, તેઓ શાસન કરવા જન્મ્યાં છે. બ્રિટિશ સામ્રાજ્યનો ફેલાવો એને જ આધીન હતો. સદીઓ પૂરી થવાં છતાં આજે પણ તેવો દંભ પણ તેમના મનમાં જીવંત છે. ફ્રેન્ચોએ પણ તેમના દેશના લોકોને આ રીતે તૈયાર કર્યા હતા. તેમની ઘોષણા એ હતી કે રક્ત વહાવીને અમારાં ખેતરો ભરીશું. એ અશુદ્ધ રક્ત તેમની દષ્ટિએ ઓસ્ટ્રીયાનાં લોકોનું હતું એની વિરુદ્ધ નેલ્સને જણાવ્યું હતું કે ફ્રેન્ચનાં લોકો શેતાન છે. તેનો આદેશ ફ્રાન્સનો નાશ કરવાનો હતો. એનું પરિણામ એ હતું કે યુદ્ધના બાર વર્ષ પસાર થયા બાદ સૈનિકોમાં ફ્રાન્સનાં લોકો વિરુદ્ધ આક્રોશ રહ્યો હતો. જર્મનીના હિટલરે પણ આમ જ કર્યું હતું. એનું માનવું હતું કે જર્મન લોકોનો જન્મ વિશ્વ પર શાસન કરવા જ થયો છે. થોડાંક વર્ષમાં તેણે જર્મનીને નાઝીવાદી બનાવી દીધું. તે તો માર્યો ગયો, પરંતુ જર્મનીને સહન કરવું પડ્યું. આજે પણ એ હયાત છે. આજે બે મુસ્લિમ દેશો વચ્ચેનું યુદ્ધ અટકાવવા અનેક દેશો દ્વારા પ્રયાસ થઇ રહ્યો છે. એક મુસ્લિમ ધર્મગુરૂ, કે જેના હાથમાં દેશની લગામ છે, કે ઇસ્લામ દુશ્મન સાથે મૈત્રી કરવા મનાઇ ફરમાવે છે. સાંપ્રદાયિકતાને બહેકાવવા જ્યારે ધર્મના નામે દુશ્મનાવટ ચાલુ રાખવામાં આવે તો શાન્તિ કઇ રીતે સ્થાપી શકાય ?

ભૌગોલિક દષ્ટિએ પણ તમામ દેશો અલગ થઇ ગયા છે. જેણે જમીનનો જે ભાગ કબજે કર્યો તે દેશની સંપત્તિ બની ગઇ. જે તે દેશનું જમીનની આવશ્યકતા પ્રમાણે વિભાજન થયું નહિ. ફળ સ્વરૂપ ઓછી વસ્તી હોવા છતાં સૈન્યના બળથી દરેક દેશ જરૂર કરતાં વધારે ભાગ પર પથરાયો છે. ક્ષેત્ર વિસ્તાર માટે અવારનવાર યુદ્ધ થયાં છે. દેશની સીમાઓ પર ઘૂસણખોરી થતી હોય છે, તેમજ ગોળીબાર થાય છે. કેટલીએ વ્યક્તિઓ જીવ ગુમાવે છે. જમીનના ટુકડા ન થયા હોત તેમજ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમસ્ત માનવ જાતિની સંયુક્ત મિલ્કત ગણાઇ હોત તો એ સ્થિતિ ન હોત. પ્રકૃતિ પ્રદાન સાધનો, તેલ, ખનીજ ક્ષેત્રો જે તે દેશમાં વત્તાઓછા પ્રમાણમાં હોય છે, પરિણામે એક દેશ ઘણો જ ધનિક અને બીજો દેશ સાધન, સંપત્તિને અભાવે ઘણો જ ગરીબ છે, તેમજ કંઇ પ્રગતિ કરી શકતો નથી. તમામ સાધન સંપત્તિ પર સાર્વજનિક સરખો અધિકાર હોત તો આ વિષમ પરિસ્થિતિ ન પેદા થઇ હોત.

દેશના રક્ષણ માટે દરેક દેશે આવકનો એક ભાગ દર વર્ષે ખર્ચવો પડે છે. તમામ દેશોનો સંયુક્ત ખર્ચ લગભગ એક ખરબ બોંત્તેર અરબ અઠ્ઠાવન કરોડ વીસ લાખ ડોલર જેટલો થાય છે. એ તો જાહેર કરાયેલ હિસાબી આંકડા છે. બિનહિસાબી આંકડા તો એના કરતાં ઘણાં જ વધારે છે. આટલું મોટું ખર્ચ માત્ર રક્ષણ માટે જ થઇ રહ્યું છે. જ્યાં સુધી રાષ્ટ્રો ભૌગોલિક રીતે છૂટાં છવાયા રહેશે ત્યાં સુધી અરક્ષિત રહેશે.

આ સમસ્યાનું સમાધાન વિશ્વને એક રાષ્ટ્ર બનાવવામાં આવે તે છે. જેમકે એક દેશનાં વિવિધ રાજ્યો તેમની પરસ્પર સમજૂતીથી સંપીને રહે છે. બધાં રાજ્યોનું સંયુક્ત લક્ષ્ય દેશની પ્રગતિ જ હોય છે. શાસન એક વ્યક્તિના હાથમાં રહેવાં છતાં દરેક રાજ્યના ગવર્નર હોય છે. તે રાજ્યની વ્યવસ્થા સંભાળે છે. બે રાજ્યો વચ્ચે ઝઘડા પેદા થતા નથી. વિશ્વ માટે એક શાસન વ્યવસ્થા કરવી પડશે. બધાં દેશની સીમા એક દેશના રાજ્યોની જેમ રહેશે અને ભૌગોલિક દૃષ્ટિએ અલગ હોવા છતા એક જ શાસન નીચે રહેશે. ન્યાય, વ્યવસ્થા, કર વગેરે પ્રણાલિકાઓ એક રહેશે. એક રાજ્યમાંથી બીજાં રાજ્યમાં હરવા ફરવાની અને રહેવાની છૂટ હોય છે તેવી રીતે વિવિધ દેશો વચ્ચે છૂટ રહેશે. વસ્તુઓની હેરફેર પર કોઇ પ્રતિબંધ નહીં હોય. આજે પ્રગતિ સંપત્તિનો લાભ કોઇ પણ દેશ એક તરફી ઉઠાવે છે, તેથી દેશો માટે ગરીબી અમીરીની ખાઇ વધતી રહી છે. તમામ દેશો જ્યારે એક રાષ્ટ્ર હશે ત્યારે કોઇપણ દેશ એકતરફી લાભ નહિ ઉઠાવી શકે.

વિશ્વ સરકાર તેમજ ન્યાય વ્યવસ્થા વિશ્વનું સંયુક્ત શાસન સંભાળશે. વિશ્વસેના દેશો વચ્ચેના મતભેદો અને ઝઘડા વગેરે સંભાળી લેશે. પ્રાન્તિય પોલીસ જેવી રીતે પોતાના ક્ષેત્રમાં વ્યવસ્થા સંભાળે છે, તેવી વ્યવસ્થા હશે. જેથી યુદ્ધની પરિસ્થિતિ નહિ સંભવી શકે. રાષ્ટ્રવાદ જ યુદ્ધને જન્મ આપે છે. જ્યારે સમસ્ત વિશ્વ જ સૌનો દેશ હશે, એક જ પરિવાર હશે, ત્યારે કોણ કોનાથી યુદ્ધે ચઢશે ? વિશ્વ રાષ્ટ્રની તેમજ સંયુક્ત રાષ્ટ્રની માત્ર કલ્પનાથી જ મન કેવું પુલકિત થઇ જાય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિશ્વ એકતા વચ્ચે ધાર્મિક અને સાંસ્કૃતિક મતભેદો આડે આવે છે. પ્રાચીનકાળમાં એક જ સનાતન અને સાર્વભૌમ ધર્મ હતો. તે મતમતાંતર, સાંપ્રદાયિક ભેદભાવોથી રહિત હતો. પરસ્પર એકતા, સમતા, સદ્ભાવના, આત્મીયતા વગેરેનું પ્રતિપાદન કરતો હતો. નૈતિક અને સામાજિક પુનરુત્થાન કરવાનું જ તેનું લક્ષ્ય હતું. તે વખતે મત મતાંતર તો હતા, પરંતુ દેશની પરિસ્થિતિને અનૂકુળ થઇ ગયા હતા. પોતાની સંસ્કૃતિ જાળવીને વિશ્વ એકતાના લક્ષ્યને અનૂકુળ હતા. સમય જતાં વિકૃતિઓ ભળતાં ધર્મનું સ્થાન સંપ્રદાયે લીધું. મહાન ઉદ્દેશ ગૌણ થઇ ગયો અને કર્મકાંડ પ્રધાન બન્યા. પરિણામે લોકો ધાર્મિક ક્રિયાઓને માનવા લાગ્યા. ધર્મના નાના મોટાં વડા બન્યા. જેથી પરસ્પર દ્વેષ, ઘૃણા અને મતભેદોનો જન્મ થયો. અલગ સંસ્કૃતિ હોવા છતાં પરસ્પર નવનિર્માણમાં મનુષ્યની સચ્ચાઇ અને વિકાસના મહાન લક્ષ્ય પૂરાં કરવામાં તલ્લીન હતા, તે લક્ષ્ય ભૂલાઇ ગયું અને ધાર્મિક સંપ્રદાયના વિકૃત રૂપે માથું ઉંચક્યું.

વિશ્વ રાષ્ટ્રના સ્વપ્નની જેમ એક વિશ્વધર્મનો નિર્ધાર કરવો પડશે. પ્રત્યેક ધર્મના સનાતન સિદ્ધાંત લગભગ સરખાં હોય છે. એનાં સ્વરૂપમાં જ અંતર હોય છે. સ્વરૂપની ભિન્નતાને સંપૂર્ણ રીતે નાશ કરી શકાતી નથી, કારણ કે તેના પર દેશની પરિસ્થિતિની પકડ હોય છે, જે વિકાસમાં સહાય રૂપ હોય છે. તમામ ધર્મોને એક જ છત્રછાયા નીચે લાવવા પડશે, જે દેશકાળ, જાતિ, વર્ણ, રંગભેદથી પર હોય તેમજ મનુષ્યને ઉદાર, ઉચ્ચ ભાવનાવાળા બનાવવામાં સહાયક બને.

અમુક સંપ્રદાયથી ઇશ્વર પ્રસન્ન રહે છે, તેમજ બીજા સંપ્રદાયથી નહિ, એ માન્યતા ખોટી છે, તેમજ વિવેકહીન પણ છે. ઇશ્વરની પ્રસન્નતા સારાં ખરાબ કર્મો પ્રત્યે હોય છે. ન્યાય, નીતિ, સદ્ભાવ, સત્કર્મ વગેરેથી ઇશ્વરને મેળવી શકાય છે. ગુણ; કર્મ, સ્વભાવ વગેરે જોયા વિના કોઇ પણ સંપ્રદાયને અપનાવવાથી ઇશ્વરની ન્યાયપ્રિયતા, દૂરદર્શિતા ક્યાં રહી ?

વસ્તુત : સંપ્રદાય ઋષિ મુનીઓએ દેશકાળની પરિસ્થિતિને અનુકૂળ રહીને બનાવ્યા છે. સમય અનુસાર તેમાં ફેરફાર થતાં રહે છે, હકીકતમાં શાસ્વત ધર્મ માનવી કર્તવ્ય છે, તેનું પરિપાલન હમેશા થવું જોઇએ. દરેક ધર્મપ્રેમીએ હૃદયથી સ્વીકારીને તેનું પાલન પણ કરવું જ પડશે. આ પ્રકારના સાર્વભૌમ ધર્મની આચારસંહિતાં સર્વશ્રેષ્ઠ આદર્શો તેમજ સિદ્ધાંતોનું એક આદર્શ સ્વરૂપ હશે.

વિશ્વએકતામાં ત્રીજી રૂકાવટ છે ભાષાની ભિન્નતા. સંયુક્ત રાષ્ટ્રસંઘે માત્ર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

પાંચ ભાષાને માન્ય કરી છે. અંગ્રેજી, ફ્રેન્ચ, સ્પેનિસ, ચીની અને રુસી. ભારતમાં પંદર ભાષાઓ માન્ય છે. માત્ર ભારતમાં જ ૧૮૧ ભાષાઓ અને ૫૪૪ જાતની બોલીઓ બોલાય છે. વિશ્વની અન્ય ભાષાઓ છે જર્મન, સ્વીડિશ, ડેનિશ, નાર્સ, આઇસલેન્ડિડ, ડટાલિયન, પુર્તગાલી, ગૈલિક, બેલ્શ, આયરિશ, બલ્ગેરિયન, પોલિશ, ચેક, હિન્દી, ફિનિશ, પર્શિયન, ઉર્દુ, હિબ્રુ, અરેબિયન, બર્બીજિ, સીયાનિજ, ઉજવેક, સ્વાહિલ, જાપાની, કોરિયન, મન્ચ, ટર્કીશ વગેરે. વિશ્વમાં લગભગ ત્રણ હજાર ભાષાઓ પ્રચલિત છે.

ભાષાની ભિન્નતાને લીધે વિચાર વિનિમય કેટલો કઠીન બની ગયો છે, તે સૌ કોઇ જાણે છે. આજના વૈજ્ઞાનિક યુગમાં નિત્ય નવી શોધો થઇ રહી છે. જ્ઞાન માટે અનેક ધારાઓ ઉદ્ભવી છે. પરંતુ એકની જાણકારીને બીજી જાણકારીવાળા પ્રદેશમાં લઇ જતાં વર્ષો લાગે છે. પરિણામે વૈજ્ઞાનિક શોધોનો લાભ જલ્દી બીજા પ્રદેશો મેળવી શકતાં નથી, માત્ર સમય જ નહિ પરંતુ ધનની દૃષ્ટિએ પણ જ્ઞાનના પ્રસારણમાં ઘણી મુશ્કેલીઓ પડે છે. ભાષા માટે અલગ પ્રેસની વ્યવસ્થા કરવી પડે છે. ટાઇપ રાઇટર, મશીનોની વ્યવસ્થા અલગ કરવી પડે છે. મર્યાદિત વિતરણને પરિણામે તે વધારે મોંઘી પડે છે. એક જ લિપિને વિશ્વ માન્યતા મળે તો પ્રેસનાં મશીનો સસ્તા પડશે તેમજ વાંચવા લખવામાં સગવડ રહેશે.

ભાવનાત્મક સંબંધનો વિકાસ કરવામાં ભાષા મહત્ત્વનો ભાગ ભજવે છે. એક જ ભાષાના જાણકાર ખૂબ દૂરના પ્રદેશમાં બીજાને મળે છે ત્યારે સહેલાઇથી એક બીજા સાથે હળીમળી જાય છે. ભાષાઓનું વૈવિધ્ય તેમજ ભિન્નતાને લીધે બંને જુદી ભાષાઓના જાણકાર વચ્ચે એકરુપતા લાવવા માટે ઘણી મુશ્કેલીઓ નડે છે. પરાયાપણું જણાય છે. વિશ્વમાનવ વચ્ચેના સંબંધોની એકરૂપતા માટે એક જ ભાષા વધારે સહાયક થશે. જ્ઞાનની વિવિધ ધારાઓનું પ્રકાશન, અધ્યયન, અધ્યાપન તેમજ શિક્ષણ એક જ ભાષાના માધ્યમથી સુલભ બને તો સમસ્ત માનવ જાતિની પ્રગતિ ઝડપી બને. વિશ્વ માટે એવી કઇ ભાષા હોઇ શકે જે બધાં માટે ઉપયોગી થાય, તેને માટે અઘરું મંથન કરવું પડશે. ભાષાઓના ઉચ્ચ જાણકારોએ આને માટે પ્રયાસ કરવો પડશે.

જગતના ઇતિહાસમાં આ અગાઉ શાંતિ માટે સમસ્ત માનવ આલમની આટલી તીવ્ર ઇચ્છા અને યુદ્ધ માટેની આવી ઘૃણા કદાપિ થઇ નથી. તે આજના સંક્રાંતિ સમયમાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મોટા ફેરફારો સાથે જીવી રહી છે. ઈતિહાસે આજની પેઢીને એવા યુગમાં લાવી દીધી છે, એ જરૂરી છે કે શુભ ઈચ્છનારો એવી રીતે પરિવર્તન કરે જેમાં શ્રેષ્ઠતમ મનુષ્યો સારાં આદર્શો અને વિશ્વમાનવી તરીકે ઉપયોગી થઈ શકે. એ ત્યારે જ સંભવિત છે જ્યારે આખું વિશ્વ તેમજ સમસ્ત માનવજાતિને ધ્યાનમાં રાખીને વિચાર તેમજ નિર્ધાર કરે કે જેમાં ઉપરોક્ત ત્રણ અવરોધો દૂર કરવાની સર્વ પ્રથમ આવશ્યકતા છે.

વિશ્વરાષ્ટ્ર,વિશ્વધર્મ, વિશ્વસંસ્કૃતિ, વિશ્વભાષા વગેરે વિચારોને સાકાર કરવાથી ઘણાં બધાં પ્રશ્નોનું નિવારણ થઈ શકે તેમ છે. આ તમામના સમન્વયથી વિશ્વમાનવની એકતા સ્થાપી શકાય તેમ છે. તેમજ વસધૈવ કુટુંબનો આદર્શ માત્ર કલ્પિત ન રહેતાં અમલી બની શકે છે. પરસ્પરના મતભેદો, વિગ્રહો, સંઘર્ષ, તેમજ યુદ્ધોનો બચાવ આ ઉપર આધારિત છે. ભેદભાવ, પક્ષપાત, અલગતાપણાંની પ્રવૃત્તિઓએ જ સામાન્ય જનજીવનને અગણિત કઠણાઈઓ અને પ્રશ્નોથી ભરી દીધું છે. એકતાની ભાવના મનુષ્યમાં સાકાર થાય તો નર્ક જેવો લાગતો સંસાર સુખ શાન્તિ, સગવડોથી ભરપૂર સ્વર્ગ બની શકે છે, નવનિર્માણની સાર્વભૌમ ભૂમિકા માટે વિશ્વના દરેક શુભેચ્છકે આગળ આવવું પડશે જ.

## ૨. વિશ્વ પરિવારનું સ્વપ્ન સહકારથી સાકાર થશે

આર્થિક ક્ષેત્રમાં એ માન્યતાનાં મૂળ ઉંડા જઈ રહ્યાં છે કે ધનના ઉપાર્જન (પેદાશ) માટે માત્ર સહકારથી સફળતા પ્રાપ્ત થશે. ગ્રામ્ય વિભાગોમાં વિકાસ માટે સહકારી બેન્કોનું વિસ્તરણ થઈ રહ્યું છે. બેન્ક પ્રયત્નશીલ છે કે સહકારી પ્રયાસથી બચનાર ઉત્પાદનમાં, ઉત્પાદનનું ફાયદાકારક વેચાણ કરાવવામાં, વેચાણ ન થઈ શકે ત્યાં સુધી ઉત્પાદનને પોતાને ત્યાં જમા રાખીને પોતાના ધનથી સહકારી સંગઠનોને બને તેટલી સહાય કરે. મોટા કારખાના શ્રમિકો અને કર્મચારીઓના સહકારી પ્રયત્નોથી જ ચાલે છે. મિલમાલિકોના પ્રયાસ હોય છે કે શ્રમિકો વગેરે દ્વારા થયેલા ઉત્પાદનનો ભોગવટાનો લાભ શ્રમિકોને મળે. આ માટે સગવડો વધારીને લાભોને બોનસ સ્વરૂપે વહેંચવાના પ્રયત્નો કરે છે.

સામ્યવાદ એનાથી પણ આગળ છે. તમામ ઉત્પાદનનો માલિક માત્ર શાસનકર્તા જ હોય છે, તેમજ જરૂર પ્રમાણે દરેકને સગવડો પૂરી પાડવામાં આવે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સામ્યવાદના ગુણ દોષને ન વિચારતાં તેના પ્રયોગ પર દષ્ટિ કરવામાં આવે તો સામ્યવાદની સફળતા હોશિયાર શાસનકર્તા પર આધારિત છે.

વિશ્વના ઘણાં દેશોએ સહકારના ક્ષેત્રને અપનાવીને ભૌતિક ક્ષેત્રમાં ઘણી પ્રગતિ કરી છે. સહકારી સંગઠન મોટા ભાગના દેશોમાં રાષ્ટ્રીય ઉત્પાદનનો મોટો ભાગ સ્વયં પૂરો કરે છે. ઇઝરાયેલ જેવા નાના દેશોમાં કુલ ઉત્પાદનનું ૭૫ ટકા સહકારી ક્ષેત્રને આભારી છે. જાપાનમાં એ સંગઠન ૩૦ ટકા વસ્તુઓનું ઉત્પાદન કરે છે, સ્વીડનમાં ૨૬ ટકા અને તુર્કી તેમજ તાઇવાનમાં ૨૦ ટકા પ્રમાણ છે.

ઇઝરાયેલમાં ૬૦ ટકા ખેતીકામ સહકારી સંગઠનથી થાય છે. ઇજિપ્તમાં જમીન અને ખેતી સુધાર યોજનાઓ ૪૦ ટકા સંગઠિત છે. જર્મનીમાં ખેતી ઉપરાંત બીજા ક્ષેત્રમાં સહકારી પ્રવૃત્તિઓ અમલી બની છે. બાંધકામ અને ગૃહનિર્માણ ૧૧ ટકા સહકારી ક્ષેત્રો સંભાળે છે. ૩૫ ટકામાં સહકારનો સંયોગ છે. નોર્વેમાં ૨૦ ટકા બાંધકામ સહકારી ક્ષેત્ર પાસે છે. ઉત્તર યુરોપમાં ઔદ્યોગિક ક્ષેત્રમાં સહકારી સંગઠનોની મહત્ત્વની ભૂમિકા છે.

કૃષિ ઉદ્યોગ અને ગૃહનિર્માણ ક્ષેત્રોમાં જ નહિ, પણ શિક્ષણ વ્યવસ્થામાં સહકારી તંત્રો સક્રિય સ્વરૂપે ગતિશીલ જણાય છે. અમેરિકા, કેનેડા સિવાય ઘણાં યુરોપીય દેશોમાં ઘણાં સંગઠનો શિક્ષણને લોકોપયોગી બનાવવા તેમજ વિશ્વબંધુની ભાવનાનો વિકાસ કરવા ઘણાં પ્રયત્નો કરે છે. ઈ.સ. ૧૯૫૫ના આંકડા પ્રમાણે ૨૬ દેશમાં એવી સમિતિઓ હતી. એવું અનુમાન છે કે ૮૦ દેશોમાં વિદ્યાર્થીઓની સહકારી સમિતિ ક્રિયાશીલ છે એવા દેશોમાં ડેન્માર્ક, સ્વીડન, બ્રિટન, ફ્રાન્સ, પોલેન્ડ, યુ.એસ.એ, કેનેડા, પાકિસ્તાન, જાપાન, શ્રીલંકા, મલેશિયા, કોસ્ટરિકા, રશિયા, બેલ્જિયમ, યુગોસ્લાવિયા, હંગેરી, ઈઝરાયેલ છે. ફ્રાન્સ તેમજ પોલેન્ડમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણને સ્વચ્છ રીતે ચલાવવામાં સંગઠનો મહત્ત્વની ભૂમિકા ભજવેછે.

સહકારી પ્રવૃત્તિની ઉપયોગીતા તેમજ જાણકારીને સમજવા જનજીવનમાં એવી પ્રવૃત્તિ પેદા કરવા માટે જરૂરી પ્રશિક્ષણ માટે ઘણાં દેશોમાં કૉલેજો સક્રિય છે.

' કોઓપરેટિવ કૉલેજ જાપાન ', ' ધી નેશનલ એગ્રીકલ્ચર કોઓપરેટિવ ફેડરેશન કોરિયા', તેમજ ' પોલ્ગોલા' 'ધી સ્કુલ ઓફ કોઓપરેશન એન્ડ એજ્યુકેશન સેન્ટર જફના' ' શ્રીલંકા' ' ઇન્ડોનેશિયા' ' જાકાર્તા સ્કૂલ ઓફએડમિનિસ્ટ્રેશન '' ધી કોઓપરેટિવ ટ્રેઇનીંગ ઇન્સ્ટીટ્યુટ ઓફ થાઇલેન્ડ ' વગેરે સંસ્થાઓમાં સહકારી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રશિક્ષણની વ્યવસ્થા છે.

જાપાનમાં ગૃહજીવનના વિકાસ માટે ઘણી સમિતિઓ ક્રિયાશીલ છે. નવરાશને સમયે નાના મોટા કાર્યમાં પ્રશિક્ષણ પ્રાપ્ત કરીને ઘરની આર્થિક વ્યવસ્થા સુધારી શકવાનું કામ સમિતિઓ શીખવાડે છે. પાકવિદ્યા (રાંધણકામ), સિલાઇકામ, ભરત-ગૂંથણ, ફળો અને શાકભાજીનું રક્ષણ, આંગણવાડી મારફતે શાકભાજીનું ઉત્પાદન, ફૂલના હાર, ગોટા બનાવવાનું, ફર્નીચરની મરામત, રેડિયો, ટેલિવિઝનનું ઉત્પાદન, સંચાલન તેમજ મરામત, તેલ, સાબુ બનાવવું વગેરે દૈનિક જીવનમાં ઉપયોગી વસ્તુઓની જાણકારી સ્ત્રીઓને સંગઠનના માધ્યમથી જાણવા તેમજ શિખવા મળે છે.

સહકારના સૌથી વધારે સફળ પ્રયોગ બેલ્જિયમ તેમજ અલ્બર્ટૉમાં થયો છે. આ દેશોમાં એવી કોઓપરેટિવ ભાવનાનું સંગઠન છે કે જેના સભ્યો માત્ર ત્યાંના નાગરિક નથી, પરંતુ અનેક સંસ્થાઓ પણ રજીસ્ટર થયેલી છે. કેન્દ્રિય અને પ્રાન્તિય (રાજ્યોની) સરકારો પણ ત્યાંના સભ્યો બન્યા છે.

આપણા દેશમાં સહકારી ભાવના, પ્રાથમિક અવસ્થામાં જ છે. સરકારની દેખરેખ તેમજ નિયંત્રણ નીચે છે, જ્યાં ધનનો (આર્થિક) પ્રશ્ન છે, પશ્ચિમી દેશોની એવી સમિતિઓ (સંગઠનો) સરકારી સહાય લેતી નથી. અંદર અંદરના સહકારથી સ્વતંત્ર અર્થવ્યવસ્થાનો વિકાસ કર્યો છે. બિનસરકારી રીતે આપણા દેશમાં અગણિત સમુહિક પ્રયોગો વિકસિત થઇ શકે તેમ છે. શહેરો તથા ગામડાંનો પ્રશ્ન આર્થિક રીતે વધારે નડતર રૂપ છે. વસ્તીની દષ્ટિએ ૭૫ ટકા લોકોની પરિસ્થિતિ અત્યંત નાજુક છે. ૫૦ ટકા લોકોને એક સમય ખાવા મળતું નથી. નોકરી ધંધા માટે ગામડાંની યુવા પેઢી શહેર તરફ પ્રયાણ કરે છે. એનું કારણ શહેરમાં નાનું મોટું કામ મલી જાય છે. યુવાનોની શ્રમશક્તિ શહેરમાં ઠલવાતાં ગામડાંની સ્થિતિ વધારે ખરાબ થઇ છે. અસાધારણ બુદ્ધિશક્તિ, શ્રમશક્તિ તેમજ ધન શહેરમાં જમા થઇ રહ્યું છે. પરિણામે શહેરો આબાદ થઇ રહ્યા છે, પરંતુ ગામડાંની પરિસ્થિતિ યથાવત્ જ રહી છે.

ગામડાંમાં સહકારની ભાવનાના આધાર પર સમૃદ્ધિ, સુખશાંતિ વધારવા ઘણાં પ્રયોગો થઇ શકે તેમ છે. ગામડાંનો મુખ્ય આધાર ખેતી છે, પરંતુ વસ્તીને આધારે જમીન ઘણી ઓછી છે. દરેક વ્યક્તિ ખેતી કરે તે સંભવિત નથી. ખેતી અને નાના ઉદ્યોગોનો પ્રયોગ સહેલાઇથી થઇ શકે તેમ છે. સામ્યવાદી દેશોમાં સરકારી જમીન (ખેતરમાં)માં સહકારી ભાવનાથી ખેતી થાય છે. નાનાં નાનાં ખેતરો નથી, એ દેશમાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નિયંત્રણ સરકારનું છે. પરંતુ આપણે ત્યાં સહકારિતાના આધારે સામૂહિક ખેતીનો પ્રયોગ થઇ શકે છે. નાના ટૂકડાંને લીધે સમય, શ્રમ, અને આર્થિક બરબાદી થતી હોય છે. મોટાં ખેતરોની અપેક્ષાએ તેમાં ઉત્પાદન ઓછું થાય છે. સામૂહિક ખેતીની પ્રથા અમલી બને તો લાભદાયી છે. બરબાદ જનાર સમય, શ્રમ, ધનની બચત થાય છે, તેમજ જમીનના ટુકડાને આધારે દરેક વ્યક્તિ ભાગીદાર બની શકે છે.

કૃષિ સાથે લઘુ ઉદ્યોગોને જોડવામાં આવે તો ગામડાની બેકારી-બેરોજગારીનો પ્રશ્ન હલ થઇ જાય. ઢોરનું છાણ સસ્તું અને સહેલાઇથી પ્રાપ્ત થતાં ઉર્જાસ્ત્રોત બની શકે છે. આંતરરાષ્ટ્રીયસ્તર પર પેદા થયેલ ઉર્જા સંકટની મિટીંગમાં હોશિયાર અર્થશાસ્ત્રીઓએ તારણ કાઢ્યું કે પશુઓના છાણમાંથી ઉર્જા શક્તિની મોટી પેદાશ થઇ શકે તેમ છે. ભારતમાં પશુઓ ઘણાં છે. લગભગ ૨૩ કરોડ ગાય, ભેંસ, બળદ વગેરે છે. તેમના છાણમાંથી ગોબર-ગેસ પ્લાન્ટની યોજના તથા તેમાંથી પેદા થનારી વધારાની ઉર્જામાંથી નાના ગૃહ ઉદ્યોગો ચલાવવામાં મદદરૂપ થાય તેમ છે. કપડા, તેલ, સાબૂ, રમકડાં, મણબત્તી, અગરબત્તી જેવી દૈનિક ઉપયોગી વસ્તુઓ કુટિર ઉદ્યોગ દ્વારા બનાવી શકાય છે. વસ્તુઓ, સામાન, મરામત, આંગનવાડી તેમજ નાના ઉદ્યોગો ચલાવવા માટે ટેકનીકલ પ્રશિક્ષણની વ્યવસ્થા ગામડાંમાં થઇ શકે છે.

માત્ર આર્થિક નહિ પરંતુ બીજી ઘણી દૃષ્ટિએ સહકારી પ્રયોગ ઘણો જ લાભદાયી થઇ શકશે. પરસ્પર સાથે મળવાથી, રહેવાથી એક બીજા વચ્ચે સ્નેહ, મિત્રતાનો વિકાસ થશે. સામાજિક જીવનમાં અડધાથી વધારે ઝઘડાં એક્લવાયા જીવનથી પેદા થાય છે. જમીન, મિલ્કત માટે અનેક ઝઘડાં અદાલત સુધી પહોંચે છે. જેથી એક બીજાનાં મન ઉંચા થાય છે તેમજ ધન અને સમયનો વ્યય થતો રહે છે. સહકારી જીવનમાં આ પ્રવૃત્તિને સ્થાન નથી.

'ઇચ ફોર ઓલ એન્ડ ઓલ ફોર ઇચ' સિદ્ધાંત સામુહિક જીવન માટેનો છે, અર્થાત્ એકબીજાનાં સુખદુ:ખનું ધ્યાન રાખીએ, તેમાં ભાગીદાર બનીએ અને જરૂરીયાત મુજબ સહકાર આપીએ. સાહકારી જીવનનો પ્રયોગ સાર્વભૌમિક અને સાર્વજનિક બનીને 'વસુધૈવ કુટુંબકમ્' નું સ્વપ્ન પરિપૂર્ણ કરી શકે છે.'' વૉટ ઈઝ કોઓપરેશન '' માં જેમ્સ પીટર બાર્બસે નામના વિદ્વાન જણાવે છે કે સહકારી પ્રવૃત્તિઓ જીવનનાં દરેક ક્ષેત્રની આવશ્યકતાઓ પૂરી કરી શકે તો શાસનતંત્ર અર્થાત સરકાર પરનો બોજો હળવો થઇ જશે. આમાં કામ કરનાર અધિક



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કુશળ તેમજ જવાબદારીપૂર્વક પ્રશાસન તેમજ સંરક્ષણનાં આવશ્યક કામ સહેલાઇથી પૂરાં કરી શકે છે. તેમણે એક બીજાં પુસ્તક ' કોઓપરેટિવ ડેમોક્રેસી' માં મંતવ્ય વધુ સ્પષ્ટ કર્યુ છે. તેઓનું મંતવ્ય છે પરિપક્વ સહકારી સમિતિઓ સહકારી શાખાઓનું સ્થાન કબજે કરી શકે છે. એમણે સરકાર અને સરકારી સમિતિઓના કાર્યક્ષેત્રનું વર્ગીકરણ કર્યું છે કે સરકારે શાસન અને કાયદા વ્યવસ્થાનો સંબંધ રાખવો જોઇએ તેમજ સહકારી સંગઠનોનો સંબંધ વસ્તુ વ્યવસ્થા સાથે હોવો જોઇએ.

વિશ્વના બુદ્ધિશાળી અર્થશાસ્ત્રીઓ અને વિચારકોનું કહેવું છે કે સમસ્ત માનવજાતિની સમૃદ્ધિ, સુખ, શાંતિ, વધારવામાં સહકારી જીવનનો સદ્ભાવ ભર્યો પ્રયોગ વિશેષરૂપથી સફળ થાય છે. ઘણાં દેશોમાં આ પ્રયોગની સફળતાપૂર્વક શરૂઆત થઇ ચૂકી છે. આપણાં દેશમાં સરકારી તેમજ બિનસરકારી બંને સ્તર પર સહકારિતાની પ્રવૃત્તિને પ્રોત્સાહન મળવું જોઇએ.

## ૩. સામાજિક પ્રણાલિકાઓને પુનર્જીવિત કરવી ઘણી જ જરૂરી

નવયુગનું આગમન તેમજ સ્વર્ગીય પરિસ્થિતિના નવનિર્માણ માટે મનુષ્યની હૃદયભાવનાનો વિકાસ કરવાની સાથે સાથે જેમની ઉપર સમાજની સુવ્યવસ્થા તેમજ સુસંચાલનની જવાબદારી છે તેમણે બહારના તંત્રોને સુવ્યવસ્થિત અને પુનર્જીવિત કરવા પડશે. સમાજની સુંદર રચના કરવામાં સરકારની સર્વોત્તમ પ્રણાલી કઇ હોઇ શકે, એ વિશે વિશ્વના હોશિયાર સમાજ સુધારકો, વિચારકોમાં મતભેદ છે. એની જવાબદારી સમાજનું નેતૃત્વ કરનારા પંડિતો ઉપર આવે છે કે વિશ્વની હાલની પરિસ્થિતિમાં ઉપરોક્ત વિષય પર અધ્યયન અને સંશોધન કરે.

પ્રચલિત સામાજિક સુધારના સાત નિયમ છે, ઉપયોગીતાવાદ, સામ્યવાદ, વ્યક્તિવાદ, અરાજકતાવાદ, સામાજિક અનુબંધવાદ, આદર્શવાદ અને ગાંધીવાદ. એમના અનુયાયીઓ પોતાની માન્યતા અને સમર્થન સાબિત કરવા વિવેધ તર્ક, પ્રમાણો રજૂ કરીને તેમના વાદને સર્વશ્રેષ્ઠ માને છે. જેરેમી બેન્થમ, ઉપયોગિતાવાદને જન્મ આપનાર હતા. તેમની ગણના પ્રખર સમાજશાસ્ત્રી તરીકે થાય છે. તેમના કહેવા પ્રમાણે કોઇપણ કાર્ય કે વસ્તુની ઉપયોગિતા એના પર આધારિત છે કે જેનાથી વ્યક્તિને કેટલું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સુખ, આનંદ કે લાભ થાય છે. તેઓ કહે છે કે અધિક કઠોર દંડ અપરાધીને સુધારતો નથી, પરંતુ બગાડે છે. શિક્ષણનું સ્વરૂપ જીવનને ઉપયોગી તેમજ વ્યવહારિક પ્રશ્નોનું સમાધાન બતાવી શકે. બેન્થમનું માનવું છે કે વ્યવહાર ઉપર રાજ્યનો ઓછામાં ઓછો પ્રતિબંધ હોવો જોઇએ. દેશની આર્થિક પ્રગતિ માટે સ્વતંત્ર વ્યવસાયિક નીતિ અધિક શ્રેષ્ઠ છે. ઉપયોગિતાવાદના આલોચકનું કહવું છે કે આ પ્રયોગથી પૂંજીવાદ વધે છે, રાજ્યનો અંકુશ નહિ રહેવાથી વ્યવસાયીવર્ગ શોષણ અને દમન નીતિ અપનાવે છે. જેથી અમીર ગરીબના વર્ગ સર્જાય છે. દંડની જોગવાઇ ન હોવાથી અપરાધીઓને વધારે પ્રોત્સાહન મળે છે. બેન્થમની સામાજિક નવનિર્માણની રૂપરેખા અસ્પષ્ટ છે, તેમજ સુનિશ્ચિત આચાર સંહિતાનો અભાવ છે. ઘણાં વિચારકોનું કહેવું છે કે બેન્થમના સિદ્ધાંત વ્યવહારિક ઓછા છે, પરંતુ સૈદ્ધાંતિક અધિક છે.

બીજો મુખ્યવાદ સામ્યવાદ છે. શ્રમિકો અને ખેડૂતોનું પૂંજીવાદના શોષણના લીધે વિરોધ રૂપે એક ક્રાંતિકારી આંદોલનના સિદ્ધાંત રુપે તેનો ઉદય થયો. કાર્લમાર્ક્સ તેના પ્રણેતા હતા. સામ્યવાદનું લક્ષ વર્ગવિહીન સમાજની નવરચના. પૂંજીવાદનો અંત લાવીને રાષ્ટ્રીય સંપત્તિ તેમજ સાધનોને એક વ્યક્તિ પાસેથી છીનવી સમાજના અધિકાર નીચે રાખવા, સમસ્ત આર્થિક અવ્યવસ્થાને દૂર કરીને નવીન વર્ગવિહીન સમાજનો જન્મ આપવો. સામ્યવાદના આધારે રાજ્યનું મુખ્ય કાર્ય જમીનના વ્યક્તિગત સ્વામિત્વનો નાશ ', અવરજવરના સાધનોનું રાષ્ટ્રીયકરણ, કાયદા દ્વારા નાણાનું નિયંત્રણ, સંપત્તિ અધિકારનો નાશ, વ્યાપાર તથા વાણિજ્યાનું નિયંત્રણ, દરેક જાતના એક વ્યક્તિના અધિકારનો નાશ, આ જાતની વ્યવસ્થા માટે રાજ્યે તમામ કાર્યોનું પુનઃ મૂલ્યાંકન કરવું પડશે. જેનાથી શારીરિક તેમજ બૌદ્ધિક કાર્યોમાં કોઇ તફાવત ન હોય તેમજ દરેકને તેની ક્ષમતા અને આવશ્યકતા પ્રમાણે પ્રાપ્ત થાય. માનવતાવાદી વિચારોનો અભિપ્રાય છે કે સામ્યવાદના સિદ્ધાંતો બરાબર છે, પરંતુ ઉદેશ્ય પૂરા કરવા માટે હિંસક ક્રાંતિને પ્રોત્સાહનં આપવાથી કાયમી શાન્તિ કે સુવ્યવસ્થા રહેવી સંભવ નથી. તેને લીધે પરસ્પર ઘૃણા, દ્વેષ,ઈર્ષ્યા ભય તેમજ અવિશ્વાસની ભાવના વધશે. ક્રાન્તિને પરિણામે માત્ર કઠોર હૃદયના અને ગુંડાઓ રહેશે. એ આવશ્યક નથી કે જે ઉદેશ્ય માટે ક્રાન્તિ થઇ હતી તે પૂરી થઇ શકે. એમાં તાનાશાહી શાસનની પૂરેપૂરી શક્યતા રહેલી છે. વિશ્વની હલની સ્થિતિ પરથી એનો ખ્યાલ આવી જાય છે કે જ્યાં સામ્યવાદ છે ત્યાંની પરિસ્થિતિ ઘણી ગંભીર છે. હિંસક ક્રાન્તિ ક્યારે થાય તેનું ઠેકાણું નથી. વ્યક્તિગત



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્વતંત્રતા પર હદ કરતાં વધુ શાસનનો અંકુશ રહેતાં મનુષ્યનો સ્વતંત્ર તેમજ સર્વાંગી વિકાસ થઇ શકતો નથી. સામ્યવાદના વિચાર જેટલા સારા છે તેટલો જ ભય સામ્યવાદ લાગુ પડવાથી થાય છે. કેટલાંય સામ્યવાદી દેશોના હોશિયાર વિચારકો તેના ભયથી પરિવર્તન ઇચ્છી રહ્યા છે. આર્થિક અને રાજકીય સુવ્યવસ્થા ઊભી કરવાથી તેમજ સમાજની બહારની પરિસ્થિતિની નવનિર્માણ હેતુવાળી સામ્યવાદી વિચારધારા ઉપયોગી થવા છતાં મનુષ્યના અંતરંગનો વિકાસ કરવા માટે કોઇ વ્યવસ્થા હોતી નથી. બાહ્ય પરિસ્થિતિનો ઉપયોગ, નિયંત્રણ તેમજ પ્રયોગ કરનાર મનુષ્ય જ છે અને જ્યાં સુધી આંતરિક વિચારો નિમ્ન અને નીંદનીય રહેશે ત્યાં સુધી સભ્ય, શિષ્ટ અને સુસંસ્કૃત સમાજની કલ્પના વ્યર્થ જશે. માત્ર બાહ્ય અંકુશ તેમજ પરિવર્તનના વિચારોથી કામ નહિ ચાલે. એ પ્રક્રિયા એક જ બાજુની હશે. સામ્યવાદમાં મનુષ્યના હૃદયને વિકસાવવા શ્રેષ્ઠ, ઉદાર અને ઉચ્ચસ્તરીય બનાવવા માટે પ્રેરણા નથી. જ્યાં સુધી મનુષ્ય આંતરિક રીતે ઉન્નત નહિ હોય ત્યાં સુધી શોષણ, દમન, સંગ્રહની પ્રક્રિયા ચાલુ જ રહેશે.

ત્રીજો વ્યક્તિવાદ ગણાય છે. એના પ્રણેતા જ્હોન સ્ટુઅર્ટ મીલ હતા. તેમજ સ્પેન્સર જેવા વિચારક માનતા કે માત્ર સત્તા સર્વોચ્ચ છે તેમણે જ તેને સર્વોપરિ બનવું જોઇએ. જીવન, બુદ્ધિ, વિચાર, અનુભૂતિ વગેરે મનુષ્યની વિશેષતાઓ છે. એને આધારે સમાજ કે રાષ્ટ્રનું પ્રત્યેક કાર્ય થતું હોય છે. તેથી વ્યક્તિને બધાં ક્ષેત્રમાં સર્વોચ્ચ સ્થાન મળવું જોઇએ.'' વ્યક્તિવાદમાં માનનારા કહે છે કે ઓછામાં ઓછું શાસન કરનાર સરકાર સારી ગણાય. રાજ્યનુ એક માત્ર કર્તવ્ય એ છે કે વાતાવરણ એવું હોવું જોઇએ જેનાથી વ્યક્તિ સ્વતંત્ર રીતે પોતાના વ્યક્તિત્વ અને ચારિત્ર્યનો વિચાર, તેમજ કાર્યોનું સંગઠન અને વિકાસ કરી શકે.

વ્યક્તિગત સ્વતંત્રતા ત્યારે જ ઉપયોગી તેમજ વિકાસમાં સહાયક બને છે. જ્યારે તેની પર ઉચ્ચ પ્રકારનો આત્મઅંકુશ હોય. આત્મનિયંત્રણના અભાવમાં તો અનુશાસનહીનતા તેમજ ઉચ્છૃંખલતાને જ ફાયદો થાય છે. એટલા માટે મનુષ્યનું વ્યક્તિત્વ ઉચ્ચ ભાવનાવાળું બને જેથી વ્યક્તિગત સ્વાતંત્ર્યના દુરપયોગનો અવકાશ રહેવા ન પામે ત્યાં સુધી બાહ્ય શાસકીય નિયંત્રણ રાખવું એ વધુ શ્રેયવાળું રહેશે. ગાંધીજી જેવા વિચારકોના મત પ્રમાણે સભ્ય અને બુદ્ધિશાળી મનુષ્ય જ સ્વતંત્રતાનો ખરો ઉપયોગ કરી શકે છે. તેથી જ વ્યક્તિવાદનો સિદ્ધાંત આદર્શવાદી તેમજ શ્રેષ્ઠ હોવા છતાં વ્યવહારિક તો નથી જ. બિન વિકસિત શિષ્ટાચાર વિનાના સમાજમાં વ્યક્તિગત



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્વાતંત્ર્યનો સદ્દુપયોગ ઓછો અને દુરુપયોગ વધારે થશે.

સામ્યવાદનો જે પરિસ્થિતિમાં જન્મ થયો, એ જ પરિસ્થિતિ ''અરાજકતાવાદી'' નું કારણ બની. અરાજકતાવાદીની નીતિને જન્મ આપનાર મોસ્કોના 'પ્રિન્સ કોપાટ કિન' તથા 'માઇકેલ બાકુનિન' આ પ્રણાલીને 'એનાર્કીઝમ' કહે છે. એના વિચારો મુજબ ક્રાંતિ દ્વારા પૂંજીવાદનાં નાશ સાથે રાજ્યનો પણ નાશ પામે છે. અરાજકતાવાદીનો અભિપ્રાય અરાજકતાવાદી તત્ત્વોએ શરુ કરેલ શાસન પ્રણાલીથી નહીં પરંતુ રાજ્ય વિહીન સ્થાપનાથી મતલબ છે. 'પ્રિન્સ કોપરકિન્' ના મત અનુસાર અરાજકતાવાદ જીવન અને આચરણનો તે નિયમ અથવા સિદ્ધાંત છે, જેના અંતર્ગત શાસન વિનાનો સમાજ હોય. તેનું સંચાલન સામાજિક નિયમો મારફત રહેશે. મનુષ્યને એવો સભ્ય અને બુદ્ધિશાળી બનાવવામાં આવે કે તેના ઉપર કોઇ અંકુશની જરૂર ન રહે, તેમજ પોતાની મેળે જીવન નિર્વાહ કરી શકે. નાની સમિતિઓ પોતાના વિભાગનું સારી રીતે સંચાલન કરે. ઝઘડા, વિવાદનો ઉકેલ પંચાયત દ્વારા થતો હોય છે.

અરાજકતાવાદ અનુસાર પ્રત્યેક વ્યવસાય, વ્યાપાર તેમજ બીજાં કાર્યો માટે તે લોકોથી પસંદ્ પામેલ વ્યક્તિઓની સમિતિ કે સંઘ હશે, જે 'કમ્યૂન' તરીકે ઓળખાશે. શિક્ષણ, ઉત્પાદન, ઉદ્યોગ વગેરે ભિન્ન વિભાગોમાં સંકલિત લોકો જ પોતપોતાના કમ્યૂન રચશે. કમ્યૂન ઐચ્છિક તેમજ પૂરેપૂરાં સ્વતંત્ર હશે. પ્રત્યેક કમ્યૂન પોતે જ પદાધિકારીઓની ચૂંટણી કરીને નીતિની રચના કરશે. બધાં સમુદાય એકબીજાને પૂરક હશે. એક જ વિષયના જિલ્લાભરના કમ્યૂનો સાથે મળીને જિલ્લા સમિતિ રચશે. તે રીતે જિલ્લામાંથી પ્રાન્તિય અને પ્રાન્તિયમાંથી રાષ્ટ્રીય સમિતિઓ બનશે. એ રીતે રાષ્ટ્રીય સ્તરે એક રાજ્ય દ્વારા વહેંચવામાં આવેલા કાર્યો જે તે સમિતિઓ મારફત થશે.

મુખ્ય શાસનની પ્રણાલીઓમાં લોકતંત્ર વધારે સફળ બન્યું છે. એની ઉત્પત્તિ સામાજિક અનુબંધના સિદ્ધાંતથી થઇ છે. એના સમર્થકોમાં 'હાલ્સ' 'જોનલોક' તથા ' રૂસો' જાણીતા છે. સામાજિક અનુબંધનના નિયમો અનુસાર મનુષ્ય વિકાસની શરૂઆતમાં કુદરતી વ્યવસ્થામાં રહેતો હતો. રાજ્ય જેવી કોઇ જ સંસ્થા ન હતી. સમય પ્રમાણે પ્રશ્નો અને અગવડતાને લીધે રાજ્યની જરૂરિયાત ઊભી થતાં પ્રજાએ રાજાની નિમણૂંક કરીને એકબીજાની વચ્ચેની વ્યવસ્થાની સમજુતી કરી. રાજા પ્રજાની સ્વિકૃતિથી શાસન કરે છે. જો તે સમજૂતીને તોડે અને પ્રજાનું બરાબર પાલન ન કરે તો પ્રજા તેને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

દુર કરીને નવો શાસક નીમી શકે. રૂસોની લોકશાહીનો જન્મ એ રીતે થયો હતો. સમાજશાસ્ત્રીઓના અભિપ્રાય પ્રમાણે પ્રજાતંત્રની સફળતા પ્રજાની જાગૃતિ તેમજ નીતિવાન જનતા પર આધારિત છે. જ્યાં સુધી નાગરિક પોતાની સામાજિક તેમજ નૈતિક ફરજો પ્રત્યે જાગૃત નહિ હોય તો તેઓ વ્યક્તિગત સ્વાતંત્ર્યનો દુરુપયોગ કરશે. શાસનતંત્રનું નેતૃત્વ, પાલન કરનારાઓની ચૂંટણી જાગૃત જનતા ઉપર આધારિત છે. જેવી જનતા હશે તેવા શાસકો ચૂટાઇ આવશે. જનતાનું સ્તર બૌદ્ધિક તેમજ નૈતિક દષ્ટિએ ઉંચું નહિ હોય તો ચૂંટાંઇ આવેલા શાસકો તેમની ફરજોનું પાલન નહિ કરી શકે. તેમજ અવ્યવસ્થા, અરાજકતા ફેલાશે. પ્રજાનું સ્તર ઉંચું કરવા માટે સંગીન પ્રયત્નો કરવા પડશે. તેમજ સત્તા પર એવાં શાસકો લાવવા પડશે કે તેઓમાં વ્યક્તિગત સ્વાર્થ ન હોય, પ્રમાણિક અને ચારિત્ર્યશીલ હોય. આર્થિક દષ્ટિથી પ્રજાતંત્રની સફળતા વિકેન્દ્રીયકરણની સ્થિતિ પર અવલંબે છે. એ માટે નાના મોટાં કારખાનાં, ઉદ્યોગોને શહેરો અને ગામડાંઓમાં વિકસાવવા પડશે.

હાલની શાસન પદ્ધતિની ન્યાય પદ્ધતિ તેમજ કાર્યપદ્ધતિ એટલી લાંબી અને અટપટી છે કે એમાં નાનાં કામો માટે પ્રજાને રાહ જોવી પડે છે. અનહદ ખર્ચ થાય છે, તેનો લાભ ઑફિસરો મેળવે છે. એમાં સંશોધનો કરવાની ઘણી જરૂર છે. ટેક્ષ આકારણી અને વસૂલાત એવી રીતે થવી જોઇએ કે બીજાં લોકો ગેરલાભ ન ઉઠાવી શકે. પ્રજાતંત્રનો લાભ ત્યારે જ મળે છે જ્યારે એની પ્રક્રિયા નવા સ્વરૂપે હોય તેમજ નાના છિદ્રોને શોધીશોધીને બંધ કરવામાં આવે, જે અનિચ્છનીયતાઓ, અનાચાર તેમજ અનૈતિક્તાને વધારે છે.

આદર્શવાદ વ્યવસ્થાના જન્મદાતા હતા પ્રસિદ્ધ દાર્શનિક તેમજ વિચારક પ્લેટો. તેમના માનવા પ્રમાણે મનુષ્ય રાજનૈતિક પ્રાણી છે. આપણે આપણી સ્વ સંચાલિત મનોકામનોઓથી પ્રેરિત થઇને રાજ્યને માન્યતા આપીએ છીએ. રાજ્યનું સાચું સ્વરૂપ એવું હોય કે તે એક નૈતિક સંસ્થા હોવી જોઇએ. પ્રજાની આત્મ ઉન્નતિમાં સહકાર આપવો એની ફરજ છે. રાજ્ય મનુષ્યને પૂર્ણતા તરફ લઇ જવા માટે બાહ્ય પ્રવૃત્તિઓનું નિર્માણ તેમજ સંચાલન કરે છે. તેથી જ આદર્શવાદી રાજ્ય શ્રદ્ધાનું પાત્ર ગણાય છે. એના સમર્થકોમાં 'હીગેલ', 'બાસાના ગ્રીન', 'કાંટ' જેવા દાર્શનિકો છે. પ્લેટોની માન્યતા અધિક દર્શનિય છે, પરંતુ વ્યવહારિક ઓછી છે. આ શાસનતંત્ર ચોક્કસ પ્રણાલી તેમજ આચારસંહિતાનું સમર્થન કરતી નથી. એટલે જ આદર્શવાદી શાસનમાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચોક્કસ દિશાઓનો અભાવ છે.

મહાત્મા ગાંધીએ પણ આદર્શવાદી રાજ્યની કલ્પના કરી હતી. ટૂંકમાં, તેમની કલ્પના નીચેના સિદ્ધાંતો પર આધારિત છે.

''રાજ્યે પોતાને જ સાધ્ય માનીને જનતાના તમામ સ્તરના વિકાસનું એક સાધન બનીને પોતાની નીતિ એવી બનાવે કે જેથી તેનો પંથ અહિંસા પર આધારિત હોય. તે પોતાની શક્તિનો પ્રયોગ ઓછામાં ઓછો કરે. તેમજ જનતાને આત્મનિર્ભર બનાવવા દે. ગ્રામીણ જીવનની સર્વાંગી પ્રગતિ અને ઉન્નતિનું વિશેષ મહત્ત્વ સ્વીકારવામાં આવે. પ્રત્યેક ગામડું પોતાની રીતે ગણ રાજ્ય હોય. રાજ્યની શક્તિ માત્ર નહિ પરંતુ સંપત્તિ અને ઉત્પાદનનું વધારેમાં વધારે વિકેન્દ્રીકરણ કરવામાં આવે, પરંતુ આ કાર્ય અહિંસાત્મક રીતે જનતાનું વૈચારિક તેમજ ભાવનાત્મક પરિવર્તન દ્વારા થવું જોઇએ. પીડિત, પછાત, પદદલિત વર્ગની ઉન્નતિ માટે વિશેષ વ્યવસ્થા કરવી જોઇએ. સ્ત્રી જાતિનો વિકાસ-દેશની પ્રગતિના આધારરૂપ છે. રાજ્યે તે બાબતમાં વિશેષ ધ્યાન આપવું જોઇએ. બધા નાગરિકો માટે શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવે, પરંતુ શિક્ષણ માત્ર અક્ષરજ્ઞાન પુરતુ મર્યાદિત ન રહે, શરીર , મન અને આત્માના વિકાસ માટે ઉપયોગી બને. પ્રત્યેક વ્યક્તિને સરેરાશ જીવન ઉપયોગી સાધન જીવન જીવવા માટે મળી રહે. મોટા ઉદ્યોગોની નીતિ નાના ઉદ્યોગોના વિકાસ માટે શ્રેષ્ઠ હોય.

વિશ્વના હોશિયાર વિચારકો તેમજ સમાજશાસ્ત્રીઓના અભિપ્રાય પ્રમાણે સમાજમાં નવજીવન માટે, શાસનતંત્રનું સ્વરૂપ ઉપરોક્ત મુજબ હોવું જોઇએ. વર્તમાન સામાજીક પ્રણાલી માટે સમસ્ત વિશ્વ માટે શ્રેષ્ઠ પ્રણાલી કેવી હોવી જોઇએ તથા મનુષ્યના વિકાસમાં કઇ રીતે મદદરૂપ હોવી જોઇએ, તે માટે ગહન અધ્યયન અને સુધારાની જરૂર રહેશે. એની જવાબદારી વિશ્વના હોશિયાર વિવેચકો ઉપર રહેશે. તેઓ તેમાં સંશોધન કરે કે ઉપરોક્ત પ્રણાલીઓમાંથી કઇ એવી છે કે જે સમસ્ત વિશ્વ માટે ઉપયોગી તેમજ શ્રેષ્ઠ હોય કે જેથી સાર્વભૌમ વ્યવસ્થાનું સંશોધન થઇ શકે જે સમસ્ત માનવજાતિ માટે ઉપયોગી અને વિકાસ માટે સહાયરૂપ હોય.

વાયુ, જળ, પ્રકાશ, નદી, સમુદ્ર, આકાશ, ધરતી, સૂર્ય, ચંદ્ર જેવા પ્રાકૃતિક સ્વરૂપો પ્રાણી માત્રની સાર્વજનિક સંપત્તિ છે. તે દરેક માટે સરખી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રીતે ઉપયોગી છે. તેમની પર કોઇ વ્યક્તિ કે રાષ્ટ્રની લગામ નથી. સમસ્ત માનવ જાતિ માટે વિશેષ સ્વરૂપે પ્રાપ્ત થવાને કારણે એ મહાન સ્વરૂપોનો બધા લાભ ઉઠાવે છે. મનુષ્યે પેદા કરેલ સંપત્તિ માટે જ આ નિયમ હોઇ શકે. એવું દેખાઇ આવે છે કે ઉત્પાદનમાં કોઇ એક વ્યક્તિનું શ્રેય હશે, પરંતુ હકિકતમાં ઘણી વ્યક્તિઓનું પ્રત્યક્ષ કે પરોક્ષ સહકારનું જ ફળ છે. આજ સુધીની પૂરેપૂરી પ્રગતિનું સંશોધન કરવાથી જણાય છે કે પરસ્પર સહયોગ તેમજ સહકારનું જ પરિણામ છે. સંપત્તિ પેદાશમાં અસંખ્ય મૃત્યુ પામેલ તેમજ જીવીત વ્યક્તિઓનો સહયોગ હોય છે.

કૃષિ જેવા નાના વ્યવસાય મારફતે અનાજનું ઉત્પાદન કરનાર ખેડૂત પણ પરોક્ષ રીતે અસંખ્ય વ્યક્તિઓના સહકારથી ઉત્પાદન મેળવે છે. પ્રાચીન સમયથી અનેક પેઢીઓએ પોતાનું જ્ઞાન પુરુષાર્થથી જ ખેતી કરવા માટે, ખાતર પાણી, વાવણી, કાપણી વગેરે કાર્યો દ્વારા વ્યવસ્થિત કૃષિશાસ્ત્ર રચાયું. વિકાસની ક્રમિક હારમાળામાં કૃષિ વધારે વિકાસ પામી. અનેક લોકોના ચિંતન અને પુરુષાર્થને પરિણામે ખેતીનાં સાધનોની શોધ થઇ. આજે પણ ખેતીનાં સાધનોના કાર્ય માટે ઘણાં કારીગરો તેમજ એન્જીનીયરો કામે લાગેલા છે. તેના પ્રશિક્ષણ માટે આધ્યાપકો, લેખકો, કાગળ બનાવનારા, પ્રેસમાં છાપકામ કરનારા, બાઇન્ડીંગ કરનારા, વેચાણ કરનારા વગેરે અસંખ્ય વ્યક્તિઓ તેમાં સામેલ છે. એ રીતે કૃષિ કાર્યમાં અસંખ્ય વ્યક્તિ રોકાયેલ છે. ત્યારે જ ખેતી માટે જરૂરી સાધનો તૈયાર થાય છે. આ રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર ન મળે તો કૃષિ જેવા સાધારણ વ્યવસાયનું અસ્તિત્વ જ ન હોઇ શકે.

ખેતી ઉપરાંત ઉત્પાદન માટે અન્ય વ્યવસાય, ઉદ્યોગ, નોકરીમાં સંખ્યાબંધ વ્યક્તિઓ જોડાયેલી છે. એક વ્યક્તિના પ્રયત્નથી કોઇ પણ શક્ય નથી. સહયોગ પર વિચારવામાં આવે તો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમસ્ત સમાજ એક જ ચક્રમાં બંધાયેલ છે. એ નિયમ કોઇ વ્યક્તિ માટે નહીં, પરંતુ સમસ્ત વિશ્વ માટે લાગુ પડે છે. વસ્તુઓ એક દેશમાંથી બીજા દેશમાં અને બીજા દેશ માંથી ત્રીજા દેશમાં પહોંચાડવામાં આવે છે. દરેક દેશમાં પરિસ્થિતિને આધારે વસ્તુઓનું મહત્ત્વ હોય છે. જે દેશ પ્રગતિશીલ અને આર્થિક રીતે સંપન્ન છે, તેનું શ્રેય એકલાને નથી. કોઇ પણ દેશ એવો નથી કે જ્યાં જીવન ઉપયોગી તમામ સાધન હાજર હોય.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પરસ્પર વિનિમય દ્વારા બધી વસ્તુઓ ઉપલબ્ધ થાય છે.

નાની મોટી તમામ વસ્તુઓના ઉત્પાદન માટે દરેક દેશનો સહકાર લેવો જ પડે છે. સંપન્ન દેશો પણ કોઇને કોઇ વસ્તુઓ માટે બીજા દેશ પર આધાર રાખે છે. અમેરિકાને પેટ્રોલની પેદાશો, ખાંડ, ફળફળાદી, ઉન, કાપડ, કૉફી તમજ વીજળીની નાનીમોટી વસ્તુઓ માટે બીજા દેશો પર આધાર રાખવો પડે છે. બ્રિટનને દૂધ, માખણ, કૉફી, ખાંડ, ચા, કોકો, તમાકુ, કોલસો, પેટ્રોલિયમ, ગેસ, ઉન, કાગળ વગેરેની આયાત કરવી પડે છે. કેનેડા પેટ્રોલિયમ, લોખંડ, સ્ટીલ, કૉફી, કોકો, ચા, શાકભાજી, રસાયણો, કોલસો, ફોટોગ્રાફીની વસ્તુઓ માટે આત્મનિર્ભર નથી. જાપાન ઇંધણ (બળતણ), પેટ્રોલિયમ, સુતરના દોરા, તેલ વગેરે માટે વિશ્વ પર આધાર રાખવો પડે છે. આ તો થોડાક ઉદાહરણ છે. પરંતુ જગતના તમામ દેશોનું અધ્યયન કરાય તો જાણવા મળે કે દરેક દેશ કોઇને કોઇ ચીજ માટે બીજા દેશો પર આધાર રાખે છે. માત્ર વસ્તુઓ નહીં પરંતુ વિજ્ઞાન અને ટેકનીકલ ક્ષેત્રોમાં એક દેશે બીજાનો સહકાર લેવો પડે છે. એ રીતે માત્ર સહયોગથી જ પ્રગતિક્રમ આગળ વધે છે.

વસ્તુતઃ વ્યક્તિ, સમાજ કે કોઇ દેશ જેનું ઉત્પાદન કરે છે, તે સમસ્ત માનવ જાતિની સંપત્તિ છે. ઉત્પાદનમાં ઘણાંનો હિસ્સો છે. ઉત્પાદિત વસ્તુઓનો એક જ બાજુનો ઉપયોગ અનૈતિક ગણાય. બીજી વ્યક્તિઓને પણ લાભ મળવો જોઇએ. કુદરતની વ્યવસ્થા પણ એવી છે કે એ તમામ વ્યક્તિઓને આસાનીથી વહેંચી શકાય તેટલી વસ્તુઓનું 'ઉત્પાદન થતું હોય છે. જેણે અધિક કમાવવામાં પોતાની બુદ્ધિ, પુરુષાર્થ તેમજ દૂરદર્શિતાનો પરિચય કરાવ્યો તો તેના યોગ્ય વખાણ કરવા જરૂરી છે. એટલાંથી ઉત્પાદન કરનારે સંતોષી બનવું જોઇએ. માત્ર કમાનાર જ ઉપયોગ કરે એ સંકુચિત નીતિ ગણાય, તેમજ સમાજમાં અમીરી ગરીબીની ખાઇ મોટી કરે છે. એક બાજુ ધનનો સંગ્રહ, અપવ્યય, વિલાસ, વ્યસન વગેરે અયોગ્ય પ્રવૃત્તિઓ વધતી જાય છે. લાંચ આપવાથી આર્થિક ભ્રષ્ટાચાર વધે છે. અયોગ્યતા, અપરાધના પ્રસંગોમાં આર્થિક અસમાનતા પણ એક રીતે જવાબદાર છે. આંકડા જણાવે છે કે દેશમાં લોકશાહીના અવરોધરુપ પુંજીવાદને પ્રાધાન્ય મળે છે, ત્યાં અપરાધોનું પ્રમાણ વધારે હોય છે. એનું એક ઉદાહરણ અમેરિકા છે, જ્યાં માનવીય મૂલ્યનું સૌથી વધુ અવમૂલ્યન થયું છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જો તમામ લોકો એક સમાન આર્થિક જીવન અપનાવે તો પરસ્પર ઇર્ષ્યા, દ્વેષ, વગેરે અપરાધ અને શોષણની લાલચ નહિ રહે, તેથી ધનસંગ્રહ અને એકહથ્થુ અધિકાર તેમજ સ્વચ્છંદી ઉપભોગ પર નિયંત્રણ રાખવા જરૂરી છે. વધારાનું ઉત્પાદન સમાજમાં રહેવું જોઇએ. ધનની અસમાનતાને પરિણામે અનેક સામાજિક દૂષણો પેદા થાય છે, તેને પરિણામે સામ્યવાદ જેવી હિંસક ક્રાંતિઓને તક મળે છે. વાસ્તવમાં વ્યક્તિની ભૌતિક સ્વતંત્રતાનો અંત લાવનારી તેમજ સ્વતંત્રતાના અવરોધરૂપ સામ્યવાદી હિંસક પ્રણાલીનો જન્મ આર્થિક વિષમ પરિસ્થિતિમાંથી જ થયો છે. જે દેશમાં સામ્યવાદ ફૂલ્યો ફાલ્યો છે તેનું કારણ એ નહોતું કે ત્યાંના નાગરિકોએ સામ્યવાદને સર્વશ્રેષ્ઠ માનીને અપનાવ્યો, પરંતુ કારણ એ હતુ કે ત્યાંની પીડાયેલ જનતા ક્રાંતિકારી ફેરફાર ઇચ્છતી હતી, જે આર્થિક અસમાનતા દૂર કરે. એ જ સમયમાં સામ્યવાદ સશક્ત સ્વરુપે જન્મ્યો. જો કે સામ્યવાદની આર્થિક નીતિ સમાજ માટે ઉપયોગી છે, પરંતુ એના નિયમો લાગુ કરવા માટે જે ક્રાંતિકારી રસ્તો પસંદ કરે છે, તે હંમેશ માટે દુઃખદાયક અને વિકાસમાં અવરોધરૂપ છે.

પ્રાચીનકાળમાં ભારતમાં શાસનવ્યવસ્થા સર્વશ્રેષ્ઠ હતી. દરેક વ્યક્તિ સરેરાશ દરજ્જાનું જીવનક્રમ વિતાવતી હતી. સામાન્ય જરૂરીયાતને બાદ કરતાં જે કંઇ બચત થતી, ત્યારે સ્વેચ્છાપૂર્વક દરેક વ્યક્તિ સમાજને દાનમાં આપતી હતી. જે સંગ્રહ કરતું તેને સામાજિક તિરસ્કાર સહન કરવો પડતો. આજની જેમ સંગ્રહ કરવાની મનોવૃત્તિ તે વખતે ન હતી. દાન માટે તો સ્પર્ધાઓ થતી હતી. જે સમાજ માટે સહિષ્ણુ તેમજ ઉદાર બનતો તેનું સન્માન કરવામાં આવતું હતું. સંગ્રહ અને ખોટા ઉપયોગ પર સામાજિક તેમજ નૈતિક અંકુશ રહેવાથી બધા તેને ખરાબ માનતા હતા. આ પ્રમાણે સ્વયં પ્રેરિત ઉદારતા તેમજ આત્મ અંકુશ રહે તો કોઇપણ બહારના અંકુશની કોઇ જરૂર નહિ રહે.

સારું તો એ છે કે પુરાણા આદર્શોનો જન્મ ફરીથી થાય. પરિસ્થિતિની આજે માંગ છે કે સમાજમાં સમાનતા સ્થપાય. જેથી અમીરી ગરીબી ન રહે, સ્વેચ્છાપૂર્વક એ શક્ય નહિ બને તો બહારથી આક્રમણ થશે. રાજા, રજવાડા, તેમજ જમીનદારોએ સ્વેચ્છાએ ન સ્વીકાર્યુ ત્યારે શાસને કાયદા દ્વારા વધારાની સંપત્તિ મુકાવવા દબાણ કર્યું. સ્વયં તેઓએ ઉદારતા બતાવી હોત તો તેઓને શ્રેય અને સન્માન બંને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ મળ્યુ હોત, પરંતુ તેમને લોકોનો તિરસ્કાર સહન કરવો પડ્યો. સંપત્તિ તેમજ સમ્માન બંને સાથે જ ચાલ્યા ગયા. આગળ ઉપર આવી સ્થિતિ ધનિકોની પણ થશે.

પ્રજાતંત્ર દેશોમાં સામ્યવાદનું ભલે સ્થાન ન હોય પરંતુ સામ્યવાદ ધરાવતા આર્થિક નિયમોની બધે જ પ્રશંસા થઇ રહી છે, તેમજ દેશના આર્થિક વિકાસમાં તેને ઉપયોગી માનવામાં આવ્યું છે. અર્ધા વિશ્વમાં આજે આ પ્રકારની અર્થ પદ્ધતિ ચાલી રહી છે. ચીન, રશિયા, રૂમાનિયા, બેલ્ગરિયા, યુગોસ્લાવિયા, હંગેરી, પોલેન્ડ. ઝેકોસ્લોવેયા, અલ્બેનિયા, પૂર્વ જર્મની, ક્યૂબા વગેરે દેશોમાં આ પદ્ધતિ પ્રમાણે દેશની આર્થિક વ્યવસ્થા નિયંત્રિત થઇ છે. એ દેશમાં ગરીબી-અમીરીની ખાઇ તોડી પાડવામાં આવી છે, તેમજ દરેક નાગરિક સરેરાશ જીવન વિતાવે છે. ફળ સ્વરુપે વિલાસિતાથી થતો અપવ્યય બંધ થઇ ગયો છે.

એક બાજુ સામ્યવાદી અર્થદર્શન આંધી-તૂફાનની માફક આગળ વધી રહ્યું છે અને હિંસા-અહિંસા, નીતિ-અનીતિ જે માર્ગે શક્ય બને તે માર્ગે આર્થિક વિષમતા વિશ્વમાંથી મિટાવવા પ્રયાસો થઇ રહ્યા છે. બીજી બાજુ યુગની માંગ છે કે અમીરી ઉપર અંકુશ રાખવામાં આવે. બંને માર્ગ આપણી સામે છે. અનાસ્થા, નિષ્ઠુરતા, વ્યક્તિ સ્વાતંત્ર્ય, મૌલિક અધિકરોને ખત્મ કરનારી સામ્યવાદી આર્થિક પદ્ધતિને અપનાવવામાં આવે અથવા આપણાં દેશોના પુરાણા આદર્શો અને જેમાં સંગ્રહને પાપ માનવામાં આવતું હતું તે અમલી બને. એ વખતે સરેરાશ નાગરિક જીવન જીવતાં બચેલ સંપત્તિને સમાજ માટે દાનમાં આપવામાં આવતી હતી. જેથી સમાજમાં પરસ્પર સ્નેહ, સહયોગ, આત્મીયતા રહેતી, માનવ મૂલ્યોનું રક્ષણ ભારે કિંમત ચૂકવીને પણ કરવામાં આવતું હતું. અધિકારોની માન્યતા હોવા છતાં કર્તવ્યો માટે સ્પર્ધા ચાલતી. તેમજ અધિકારોનો ઉપયોગ વ્યક્તિગત સ્વાર્થ માટે નહિ, પરંતુ કર્તવ્યોના પાલન માટે ઉપયોગ કરવામાં આવતો.

બંને પ્રકારની વ્યવસ્થાઓ તેમજ તેનાથી થતાં હાનિ લાભ આપણી સામે જ છે. સ્વેચ્છાથી ઉદારતાનો માર્ગ નહિ અપનાવાય તો સામ્યવાદી કઠોરતા, અસહિષ્ણુતાપૂર્વક આર્થિક સમાનતા લાવવા માટે ચઢી આવશે અને ફળ સ્વરુપ આંધી-તૂફાનથી થનાર નુકસાન માનવ મૂલ્યોનો નાશ કરશે. ત્યારે માનવ મશીનની માફક કામ કરનાર યંત્રવત્ બની જશે, જેમાં ન તો સંવેદના હશે કે ન તો સ્વતંત્ર વિચાર શક્તિ, એના અભાવથી એની ચેતનાનો સ્વતંત્ર તેમજ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સર્વાંગીણ વિકાસ અવરોધાશે. આ પ્રકારની ખરાબ પરિસ્થિતિ ઉપસ્થિત થાય તે કોઇ પણ ભાવનાશીલ વ્યક્તિ ઇચ્છી નહીં શકે વિશેષ કરીને ભારતમાં જન્મેલ અને ભારતીય જીવન પસાર કરનાર કોઇને તો એ પસંદ ન જ પડે.

લોકશાહી વ્યવસ્થાની અંદર પરસ્પર સમાનતા, પવિત્રતા, એકતા તેમજ આત્મીયતાના સૂત્રમાં તમામ બંધાઇ રહે તે માટે પ્રાચીન આદર્શોનું પુનઃ જાગરણ કરવું પડશે, જે સ્વર્ગીય પરિસ્થિતીઓ માટે જવાબદાર હતા. વિકાસ માટે વ્યક્તિગત સ્વાતંત્ર્ય મર્યાદિત રહે તે જરૂરી છે.

ભારતમાં નહિ બલ્કે સમસ્ત વિશ્વમાં ઉદાર આર્થિક નીતિ કલ્યાણકારી રહેશે. હવે પછીના દિવસોમાં સમસ્ત વિશ્વએ એકતાના સૂત્રમાં બંધાઇ જવું પડશે. તેથી જ નીતિ નક્કી કરવામાં વિશ્વને ધ્યાનમાં રાખીને આગળ વધવું પડશે. હાલ તો દેશ દેશની વચ્ચે અમીરી ગરીબીની ખાઇ ઘણી પહોળી છે. પ્રાપ્ત થયેલ આંકડા અનુસાર સમસ્ત જનસંખ્યાના ત્રીસ ટકા અર્થાત્ ૧૨૦ કરોડ લોકોની વાર્ષિક આવક છત્રીસ હજાર રુપિયા છે. એની અંદર યુરોપના તમામ દેશો, રશિયા, જાપાન, અમેરિકા વગેરે દેશો આવે છે, ઉપરાંત ૮૫ કરોડની વસ્તી ધરાવતાં દેશો ઝડપી પ્રગતિ કરી રહ્યા છે. બ્રાઝિલ, મેક્સિકો, તાઇવાન વગેરે એમાં આવે છે. તેમની વ્યક્તિગત આવક લગભગ ૭૬૫૦ રુપિયા છે. પ્રગતિની ગતિ જળવાઇ રહેશે તો સન્ ૨૦૦૦ માં વ્યક્તિગત આવક દસ હજાર રુપિયા થઇ હશે. એ પછી ૭૫ કરોડ વ્યક્તિ એશિયાના સામ્યવાદી દેશોમાં રહે છે. ચીન, ઉત્તર કારિયા, ઇન્ડોનેશિયા વગેરે એમાં આવે છે, તેમની વાર્ષિક આવક ૨૨૫૦ રુપિયા છે. ૧૦૦ કરોડ વ્યક્તિગત રેખાથી પણ નીચે છે. તેમની વ્યક્તિગત આવક નવસો રુપિયા છે.

જગતમાં કાયમી સુખશાંતિ માટે જણાવેલ વિષમતાને દૂર કરવામાં આવે. વિશ્વમાં વધી રહેલી ખેંચતાણ, સંઘર્ષ, મતભેદ વગેરેથી પ્રતિભાવાન વિચારકો અને અર્થશાસ્ત્રીઓ ચિંતીત છે. તેમણે એ સામે સહમત થતાં જણાવ્યું છે કે અસમાનતાનું મુખ્ય કારણ આર્થિક પરિસ્થિતિ માત્ર છે. જે વિશ્વ વ્યાપક તેમજ સાર્વભૌમ બની છે. હવે જરૂરી બની ગયું છે કે સમસ્ત જગત માટે એક આર્થિક નીતિનું પાલન થાય, '' વોશીંગ્ટન ઇન્સ્ટિટ્યુટ ફોર પોલીસી સ્ટડીઝ ના સંસ્થાપક તેમજ સહનિયામક શ્રી રિચાર્ડઝ જે. બારનેટ તેમની ''દિલીન પર્સ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પોલિટિક્સ ઇન ધિ એઇજ ઓફ સ્કેરસીટી'' માં જણાવ્યું છે કે ''માનવજાતિ તેમનું અસ્તિત્વ ટકાવી શકશે નહિ, જો વિશ્વમાં આર્થિક અસમાનતા ચાલુ રહેશે. કોઇપણ દેશની સંપત્તિ સમસ્ત જગતની સંપત્તિ ગણાય. તેથી સુખ સંપન્ન દેશનો લાભ ગરીબ દેશોને મળવો જોઇએ.'' તેમણે ચેતવણી ઉચ્ચારી છે કે, ''જ્યાં સુધી આ પ્રથા ચાલુ રહેશે, ત્યાં સુધી વિશ્વયુદ્ધની વિટંબણા ચાલુ રહેશે.''

શ્રીમતી વાઇવેરાને પણ જગતે એક સારા વિચારક અને અર્થશાસ્ત્રી માન્યા છે. તેમણે એક પુસ્તક ''પ્રોગ્રેસ ફોર સ્મોલ પ્લેનેટ'' માં જણાવ્યું છે કે વિશ્વવ્યાપી ખેંચતાણનું એક કારણ આર્થિક અસમાનતા માત્ર છે. એ નિષ્ઠુરતા તેમજ અસમાનતાનો પરિચય છે કે જગતની પોણા ભાગની જનતાને વિશ્વની ત્રીજા ભાગની આવક પર ગુજરાન ચલાવવું પડે છે. જ્યારે ચોથાભાગની જનતા રજુ ભાગની સંપત્તિનો ઉપયોગ કરે છે. હાલ પણ એકસો કરોડ વ્યક્તિઓ માટે જરૂરી સગવડો રોટી, કપડાં, મકાન, સ્વાસ્થ્ય તેમજ શિક્ષણ ઉપલબ્ધ નથી.

''સ્ટેનફોર્ડ યુનિવર્સિટી ફૂડ રિચર્સ ઇન્સ્ટિટયૂટ'' ના નિયામક શ્રી ''વોલ્ટર પી ફાલ્કના'' ના મત અનુસાર સન ૧૯૭૯ માં ૧૩૦ લાખ બાળકોનું મૃત્યુ પૂરતા પોષણને અભાવે બીમારીથી થયું. સાધન સંપન્ન દેશોએ તેમની વિલાસીતામાં થોડોક કાપ મૂક્યો હોત તો આકસ્મિક મૃત્યુ વખતે મદદરુપ બની શક્યા હોત અને મૃત્યુ અટકી શક્યું હોત. તેઓ માને છે કે સમગ્ર જગત માટે ઉદારમતવાદી આર્થિક નીતિનો અમલ નહિ થાય તો હૃદયને આઘાત આપનારી આ હારમાળા ચાલુ જ રહેશે.

યોગ્ય સાધનો મારફત નીતિપૂર્વક ઉત્પાદનનો અધિકાર માત્ર વ્યક્તિ કે રાષ્ટ્ર માટે નહિ બલ્કે સમગ્ર જગત માટે શ્રેષ્ઠ છે. બે હાથે કમાઇને સો હાથે દાન આપવું એટલે કે સમસ્ત સમાજ વિશ્વમાનવ માટે બચેલા ધનને અર્પણ કરનારી ભારતીય ઉદાર મતવાળી ધર્મ પરંપરાગત નીતિ ફરીથી ચાલુ કરવી પડશે. પોતાના દેશ માટે તો યશ અપાવનારું હશે, પરંતુ વિશ્વ માટે આર્થિક નવી નીતિમાં પણ સહયોગ મળશે. કુદરતે પ્રદાન કરેલી સંપત્તિ વાયુ, જળ, સૂર્ય, આકાશ, ધરતીથી ઉત્પાદન કરેલ ધનને સંપૂર્ણ માનવ સમાજની સંપત્તિ માનવા તેમજ તેને અનુરુપ તેનું નિયોજન કરવાથી સમાજમાં સુખશાંતિ, સુંદર વ્યવસ્થા તેમજ સુરક્ષા બની રહેશે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ૪. નવ જાગૃતિ માટે વિશ્વના પંડિતોનો અભિપ્રાય

આજે જે કંઇ પણ વિશ્વનું સ્વરુપ દેખાય છે, તે પસાર થયેલ દિવસો કરતાં કંઇક જુદું જ છે, જે આજથી વીસ વર્ષ અગાઉનું હતું. સને ૧૯૦૦ની સાલમાં જે કંઇ વિજ્ઞાનની પ્રાપ્તિઓ હતી તેમને આજની દૃષ્ટિએ સરખાવવામાં આવે તો ૮૦ વર્ષમાં એક યુગ બદલાઇ ગયો હોય તેવું છે. ખૂબ જ ઝડપથી ચાલતાં વાહનો, આરોગ્ય બાબત નવીન શોધો, ચિકિત્સા શક્તિ પદ્ધતિ તેમજ મનુષ્યની આંતરિક યાત્રા વગેરે ગયા દસકાઓની ભેટ છે. આજથી ૮૦ વર્ષ પૂર્વે પૃથ્વી પરની વસ્તી ૧૯૫ કરોડની હતી. તેમની મર્યાદિત ક્ષમતાઓથી પ્રાપ્ત કરેલાં સાધનોનો પૂરેપૂરો ઉપયોગ કરી શક્યા ન હતા, પરંતુ સંતુષ્ટ તેમજ હમેશ પ્રસન્ન રહેતા. આજે વિશ્વની જન સંખ્યા ૪૪૦ કરોડની છે. સન્ ૨૦૦૦ સુધી છ અરબથી વધી જશે. ૧૯૮૧થી શરૂ થયેલ દસકાથી નવો યુગ શરૂ થયો છે. જો કોઇ વિશ્વયુદ્ધ કે રોગનો ફેલાવો ન થયો હોત તો આ આંકડો પણ વધી જશે, પરંતુ વર્તમાન સ્થિતિ જોતાં આ એક કડવું સત્ય જણાયછે.

મર્યાદિત સ્થાન અને સાધન સગવડો તેમજ વધારે સંખ્યામાં પ્રાણીઓની ઉત્પત્તિને લીધે ઘણાં જ અનુભવીઓએ સમયસર નવી યોજના વિકસાવવા જણાવ્યું છે. આ કોઇ નવીન યોજના નથી, પરંતુ જે પરિસ્થિતિમાં બુદ્ધિશાળી વ્યક્તિઓ દ્વારા ચિંતન કરાઇ રહ્યું છે, તેમજ સમસ્ત વિશ્વમાં એ ચર્ચાઇ રહ્યું છે, તેથી જણાય છે કે એનું મહત્ત્વ કંઇ વિશિષ્ટ છે.

'ફ્યુચરોલોજી' નામે પ્રખ્યાત વિજ્ઞાનને ભવિષ્યની સંભવિત પરિસ્થિતિને જાણનારી મૂળભૂત વિદ્યા કહેવામાં આવી છે. ભવિષ્ય જાણવાવાળી સંસ્થાને ભવિષ્ય વિષે જાણનારા વિજ્ઞાનીઓએ ફ્યુચરિયસ નામ આપ્યું છે.

૧૯૮૦ ના જુલાઇની ૨૪ તેમજ ૨૫ તારીખે કેનેડાના ટોરેન્ટો શહેરમાં ૬૦૦૦ પ્રતિનિધિઓનું વિશ્વ સંમેલન મળ્યું. જેમાં જ્ઞાતિ તેમજ રંગભેદ વિના સ્ત્રી પુરુષોએ ભાગ લીધો. એનું સૂત્ર હતું કે "થીન્કીંગ ગ્લોબલી એક્ટિંગ લોકલી" એટલે કે સ્થાનિક પ્રયાસો માટે વિશ્વસ્તરે વિચારનારી બુદ્ધિજીવીઓની સંસ્થા.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેમાં જગતના ખ્યાતનામ ચિંતકો તેમજ ભવિષ્યવેત્તાઓએ ભાગ લીધો, એમાં હાજર રહેનારામાં માગરિટ મીક, હરમન ક્રોન, શાન બ્રોમેન, એરિક એસિમોવ, મારિસ સ્ટ્રૉંગ, ફ્રેન્ક ફીદર, ક્લાડિયોગાલિયો, મેરી ડેરોર્ડ, સ્ટીફન ક્રોજિયર, જેફ બીન, હેલેજ હેન્ડરસન, ટુવેર હેનકોક તેમજ તિમોય લિયરીએ એમાંના વૈજ્ઞાનિકો છે કે જેમણે વિશ્વનું ધ્યાન તેમની તરફ આકર્ષ્યું છે. તેમજ ભવિષ્યની સમસ્યાઓ તરફ જનમાનસને ચેતવ્યું છે.

એ સંમેલનના સભાપતિ તરીકે કેનેડાની ઇમ્પિરીયલ બેન્કના અધ્યક્ષ તેમજ કેનેડાની ફ્યુચર સોસાયટીના અધ્યક્ષ શ્રી ફ્રેન્ક ફીદર હતા. તેમને ચેરમેન બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. ફ્રેન્ક ફીદર તેમજ મુંબઇ શહેર વિકાસ સંસ્થાના અધ્યક્ષ શ્રી રશ્મિમયુર વગેરેએ જણાવ્યું છે કે ભવિષ્ય ચિંતાજનક છે. પરંતુ આપણે આશાવાદી છીએ. આજે કહેવા વિચારવાનો સમય નથી, પરંતુ કરી બતાવવાનો સમય છે. તેઓએ યુગ પરિવર્તન ( ટ્રાન્સફોર્મેશન) ની જરૂરીયાત તેમજ શક્યતા વિષે દબાણપૂર્વક જણાવ્યું, તે કોણ કેવી રીતે કરી બતાવે તે વિવાદનો મુદ્દો હતો.

એ સંમેલનમાં થયેલ ચર્ચાની એક આગવી વિશેષતા હતી, તેના વક્તાઓની ભવિષ્યની ચિંતા તેમજ આશાવાદી દષ્ટિકોણથી જોડાયેલ હતી. ગ્લોબલ સમાજ' અધ્યક્ષ શ્રી મારિસ સ્ટ્રૉંગે પત્રકારોને જણાવ્યું કે તેમની પાસે સાર રૂપે એક બાજુ ખરાબ છે તો બીજી બાજુ સારી છે. બૂરી એટલા માટે કે હવે મનુષ્યે જાતે જ કબર ખોદી છે. આમ છતાં શુભ સમાચાર એ છે કે જેના દ્વારા આવનારી આપત્તિનું નિયંત્રણ થઇ શકશે, તેનું કાર્ય વ્યવસ્થિત હશે. કોઇ શંકા નથી કે વ્યવસ્થિત પ્રયત્નોથી વિશ્વસ્તર ઉપર ઉજ્જવળ ભવિષ્ય ન બનાવી શકાય, વસ્તુતઃ આ એક સત્ય હકીકત છે કે જે ખરાબ હાલતમાં આપણે પસાર થઇ રહ્યા છીએ, તે હમેશ માટે રહેવાની નથી.

સામૂહિક શુદ્ધ વાતાવરણની વિવેકપૂર્ણ ચર્ચા ગ્લોબલ અન્ડરસ્ટેન્ડીંગ એ સંમેલનની આગવી વિશેષતા હતી. પ્રથમ વખતે જ જન સમૂહ જુદી જુદી સંસ્થાઓના મહાનુભાવોએ સ્વાર્થ વૃત્તિને ત્યાગીને ''વસુધૈવ કુટુંબકમ્'' ની ભાવનાને આવકારી. માત્ર પોતાના સ્વાર્થમાં રચ્યાં પચ્યાં રહેવાનો સમય હવે રહ્યો નથી. હવે સમૂહમાં લોકો ભ્રાતૃભાવનાથી સાથે મરવાનું પસંદ કરશે. જો વિકસિત દેશો એમ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માનતા હોય કે ઔદ્યોગિકરણ કે ટેકનિકલ વિકાસથી તેઓ સમૃદ્ધ થશે, ભલે બીજા લોકો ગરીબ રહે. પરંતુ તેમની એ માન્યતા ખોટી છે. એ લોકોએ સૌની સાથે હળીમળીને રહેવું પડશે. ભવિષ્યશાસ્ત્રીઓનું કહેવું છે કે શોધો કોઇ દેશની એકલાની જમા મૂડી નથી. જો એમાં અસંતુલન થશે તો તે જેટલી અમેરિકા કે યુરોપની અસર કરશે તેટલી ક્યૂબા, ફિલિપાઇન્સ, તૈવાન, કોરિયા જેવા નાના દેશોને પણ અસર કરશે. મતલબ કે પ્રાકૃતિક શોધો તેમજ અણુશક્તિના ભંડારો કોઇની માલિકીના નહિ હોય, સમસ્ત પૃથ્વીને એક જ કુટુંબ માનીને આખુ વિશ્વ એક જ જાતની સમાન વ્યવસ્થા નીચે હોય, એવી વિધાતાની ઇચ્છા છે, મતલબ એ જ મનુષ્યના અસ્તિત્વ માટે સુંદર માર્ગ છે.

વિશ્વબેન્કની નીતિ ઘડનારી સમિતિના અધ્યક્ષ શ્રી મકબૂલ ઉલહકે એ બાબત વિશે જણાવ્યું કે હવે સમય પાકી ગયો છે કે ગરીબ દેશોને ધનિક દેશો આર્થિક મદદ કરે. માટે તેમણે જગત માટે સાર્વભૌમ આર્થિક નીતિ જાહેર કરી, જેમાં ધનિક દેશોની સમસ્ત પૂંજી ઉપર કર નાંખવામાં આવે. એ કર મારફત થનારી આવકનો ઉપયોગ વિકાસ કરી રહેલા દેશો સમગ્ર વિકાસ માટે કરવામાં આવે. એમણે દર્શાવેલ આંકડા પરથી જણાય છે કે રાષ્ટ્રો પાસેથી કર મેળવીને ગરીબ રાષ્ટ્રોનાવિકાસ અર્થે ખર્ચવામાં આવે.

શ્રી હકના બીજા મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવ એ હતા કે પ્રાકૃતિક શોધોનું સુવ્યવસ્થિત કેન્દ્રીય નિયોજન, પ્રદૂષણ રહિત ઉર્જા કાર્યક્રમ, ગરીબી નાબૂદી માટે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા, ગરીબ રાષ્ટ્રોમાં જન સંખ્યા વૃદ્ધિ માટે અટકાવ સમસ્યા, રાષ્ટ્રોના ભાગલા પાડનારી સીમાઓ દૂર કરવી તેમજ યુદ્ધમાં ઉપયોગી શસ્ત્રોનું ઉત્પાદન તેમજ દુરુપયોગ પર વ્યવસ્થિત નિયંત્રણ વગેરે. એ કલ્પનાઓ ભલે આજે સત્ય ના હોય પરંતુ તેઓ એ દર્શાવે છે કે હાલના સંજોગોમાં વિશ્વની ચિંતાનું કારણ શું છે.

ફ્યુચર સોસાયટી તેમજ તેના જેવી અન્ય સંસ્થાઓની માન્યતા સમયને અનુકૂળ છે. તેમજ તેની સામૂહિક ચેતવણીથી ખાતરી થાય છે કે ૮૦ ના આ દસકામાં સમસ્ત માનવીજાતિને પ્રભાવિત કરે છે. જેઓ દિગ્મૂઢ બન્યા છે, તેઓની સંખ્યા વિશાળ છે. મૃત્યુના દિવસો ઘણાં નજીક આવતાં તેમજ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પરિવારથી અપમાનીત થવા છતાં મોટાભાગના વૃદ્ધો મોહમાયામાં વ્યર્થ લપેટાઇ જાય છે. એવા લોકો આ દુનિયામાં હયાત છે કે જેમની ઉપર જ્ઞાનનો પ્રભાવ કે વિવેકનો પ્રકાશ પડતો નથી. એવા લોકો જો નહિ સુધરે તો મહાકાળ તેમની હાલચાલને લાત મારવા તૈયાર થઇ જશે. સાર એ છે કે આ મહત્ત્વના સમયમાં (સંધિ વેળામાં) માનવજાતિનો સદ્ભાવ પ્રેરિત વર્ગ વિશિષ્ટ જવાબદારીઓ નિભાવવા માટે તૈયાર રહે, હાલનો સમય સામાન્યકાળ નથી, પરંતુ પીડા પેદા કરનારો (આપત્તિ) કાળ છે. સામાન્ય ગતિઓને એવી સ્થિતિમાં આગળ વધતી રોકવામાં આવે છે, તેમજ વિવેકશીલ જાગૃત આત્માઓ (મનુષ્યો) પાસેથી કંઇક વિશિષ્ટ પુરુષાર્થની અપેક્ષા રાખવામાં આવી છે. સમય પોકારી રહ્યો છે કે ભવિષ્યનું નિર્માણ આવા જાગૃત આત્માઓએ કરવું જોઇએ. આવા પ્રયાસો હાલ થઇ રહ્યા છે. આશા રાખવી જોઇએ કે આવા સદ્ભાવભર્યા પ્રયાસો પાછળ ઉદ્દેશોની પવિત્રતા તેમજ વ્યાપકતાને દૃષ્ટિ સામે રાખીને જાતિ, વર્ગ, લિંગભેદથી પર રહીને વિશ્વના માનવ યુગ નિર્માણ હેતુ માટે એક જ મંચ ઉપર એટલે કે વિચારધારાથી ઝડપી એકઠા થશે.

## ૫. પારિવારિક ભાવનાના વિસ્તારમાં એક જ સર્વસામાન્ય ભાષાની જરૂર

વાણી કે કલમ દ્વારા વિચારોની સ્પષ્ટતા માટે ભાષા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ભાષાએ માનવીની સભ્યતા તેમજ વિકાસ માટે મહત્ત્વનું યોગદાન (ફાળો) આપ્યું છે. વિચારો તેમજ ભાવોને પ્રગટ ન કરી શકનાર મનુષ્ય સિવાયના જીવોને હદ વિનાની મુશ્કેલીનો સામનો કરવો પડે છે તે સૌ કોઇ જાણે છે. આવી મુશ્કેલીઓ આદીમાનવી સામે હતી. તેને પોતાનું પછાતપણું ખરાબ લાગ્યું. વિકાસની અંતઃપ્રેરણાને પરિણામે પ્રયત્નો શરૂ થયા. સૌથી મોટો પ્રશ્ન સામે એ હતો કે વિચાર પ્રગટ કરી શકતાં ન હતાં. એવી સ્થિતિથી એક બીજાના સહકાર - સહયોગને અપનાવીને પ્રગતિ કરવી મુશ્કેલ હતી.

એ દિશામાં અથાગ પ્રયત્નો કરવાથી ભાષાનો વિકાસ થયો. જે દિવસે ક્રમબદ્ધ ભાષાનો વિકાસ થયો, તે દિવસ માનવ વિકાસના ઇતિહાસમાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિશેષ મહત્ત્વનો હશે. વીતેલી સદીઓમાં સમાજ આજની માફક આગળ વધ્યો નહોતો. સમસ્ત જગતમાં કેટલાય દેશો એકબીજાથી પરિચિત નહોતા. પોતાના મર્યાદિત ક્ષેત્ર સિવાય દુનિયા વિશે કોઇ ભાન ન હતું. તેઓ પોતાના મર્યાદિત વિચારમાં રહેતાં અને સામૂહિક વિકાસ માટે પ્રયત્ન કરતાં હતા. વિવિધ ભાષાઓનો વિકાસ એને કારણે જ થયો હશે. એક સમૂહ કે પ્રદેશના લોકોએ પોતાની સવલત પ્રમાણે પોતાની ભાષાનો વિકાસ કર્યો, તેમજ બીજા લોકોએ તેમની રીતે વિકાસ કર્યો. એ રીતે પરસ્પર એક બીજાથી અલગ રહેવાથી અથવા અપરિચિત બનવાથી પ્રાથમિક જાણકારીઓ જ્ઞાનની આપલે નહોતી થઇ શકતી. દેશની જરૂરિયાત પ્રમાણે વિવિધ ભાષાઓ જે તે દેશની સામાજિક પરિસ્થિતિ પ્રમાણે વિકસી.

વિકાસના સોપાન સર કરતાં આજે માનવી એવા સમય સુધી પહોંચી ગયો છે, જેને વૈજ્ઞાનિક યુગ કહેવાય. વિજ્ઞાનની અદ્‌ભૂત શોધોને લીધે અનેક સગવડો પ્રાપ્ત કરી છે. સંચાર, પરિવહન, આવાગમન, વગેરેની નવીન સગવડતાઓ ( શોધો ) પ્રાપ્ત થવાથી સમગ્ર વિશ્વ એક મહોલ્લા (સ્ટ્રીટ) જેવું થઇ ગયું છે એમ થવાં છતાં પણ ભાષાની ભિન્નતાની એક સમાજ, એક દેશની જાણકારી બીજા લોકોને પ્રાપ્ત થતા વર્ષો પસાર થાય છે. જ્ઞાન વિજ્ઞાનમાં દરેક ક્ષેત્રમાં દરરોજ નવી શોધો જાણવા મળે છે. એક જ ભાષા હોત તો સમસ્ત વિશ્વને તેનો લાભ તાત્કાલિક મળ્યો હોત, પરંતુ એમ બનતું નથી. વર્ષો બાદ બીજી ભાષામાં શોધોનું રુપાંતર થાય છે, પરંતુ એ સમયે જ્ઞાન જૂનું થઇ જાય છે, તેમજ ઘણાં ફેરફારો થઇ જતાં હોય છે.

વિશ્વમાં હાલ લગભગ ત્રણ હજાર પ્રચલિત ભાષાઓ છે. માત્ર તેર ભાષાઓમાં જ વિશ્વનો વ્યવહાર ચાલે છે. વિશ્વની પ્રમુખ (વધુ જાણીતી, ભાષાઓમાં, ડેનિસ, સ્વીડિશ, નાર્સ, જર્મન, ઇટાલીયન, આઇસલેટિક, પોર્ટુગીઝ, વેલ્સ, બેલ્ગીરીયન, આઇરીશ, સ્પેનિસ, હિન્દી, પર્શિયન, ચેક, ફિનિશ, અરેબિયન, હિબ્રુ, ઉર્દુ, બર્બર, સોમાલી, તિબેટન, ટર્કીઝ, બર્મીઝ, સિયામિઝ, મંગુ, કોરિયન, જાપાની, સ્વાહિલી, ઉઝબેક વગેરે છે.

" ધી વર્લ્ડ એલમેનક ૧૯૮૦ " અનુસાર વિશ્વની મુખ્ય મુખ્ય ભાષાઓ બોલનારાની સંખ્યા આ પ્રમાણે છે. અરેબિક ૧૪ કરોડ ૨૦ લાખ, બંગાલી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

૧૪ કરોડ, ચીની ૮૦ કરોડ ૧૦ લાખ, અંગ્રેજી ૯૬ કરોડ, ફ્રેન્ચ ૧૦ કરોડ, જર્મન ૧૨ કરોડ, હિન્દી ૨૩ કરોડ, જાપાની ૧૧ કરોડ ૫૦ લાખ, જર્મની ૫ કરોડ ૭૦ લાખ, મલાયા ઇન્ડાનેશીયા ૧૦ કરોડ ૬૦ લાખ, ડચ ૨ કરોડ, પોર્ટુગીઝ ૧૪ કરોડ ૧૦ લાખ, રશિયન ૨૫ કરોડ ૯૦ લાખ, સ્પેનિશ ૨૩ કરોડ ૮૦ લાખ, ટર્કિશ ૪ કરોડ ૨૦ લાખ, ઉર્દૂ ૬ કરોડ ૫૦ લાખ, વિયેટનામીઝ ૪ કરોડ ૧૦ લાખ, ઇટાલીયન ૬ કરોડ ૧૦ લાખ, તેમજ બંગાળી ૬ કરોડ ૧૦ લાખ.

માત્ર ભારતમાં જ એકસોએકયાસી ભાષાઓ તેમજ પાંચસો ચાલીસ પ્રકારની બોલીઓ બોલાય છે. ભારતમાં બહાર પડતાં દૈનિક, સપ્તાહિક, માસિક વગેરે સમાચાર પત્રોની સંખ્યા ૮૭૦૦ છે. અંગ્રેજીની પત્રિકાઓ બે હજાર પાંચસો સાઇઠ, હિન્દીની બે હજાર એકસો બેંતાલીસનું પ્રકાશન થાય છે. એ ઉપરાંત અનેક પ્રશ્નો પંજાબી, ગુજરાતી, મરાઠી ઉર્દૂ, મલાયમ તેમજ બીજી પ્રાંતિક ભાષાઓમાં છપાય છે. પ્રાપ્ત થયેલ આંકડા અનુસાર પ્રેસ ઉદ્યોગના દૈનિક પ્રકાશનનો ખર્ચ લગભગ પંચાવન કરોડનો થાય છે. આ માત્ર ભારતના આંકડા છે. અન્ય દેશોના આંકડા પણ ઉપલબ્ધ થયા છે. યુનો દ્વારા માન્ય દેશોની સંખ્યા એકસોચોપન થઇ છે. આ દેશોના દૈનિક પ્રકાશનનું ખર્ચ ભારત જેટલું માનવામાં આવે તો વિશ્વનો દૈનિક પ્રકાશન ખર્ચ ૮૪ અરબ ૭૦ કરોડ રુપિયા થાય. વિવિધ વિષયો પર પ્રકાશિત થનાર સાહિત્યનો ખર્ચ અનેક ગણો થશે.

ભાષા વૈવિધ્યના કારણે અનેક પ્રકારના ટાઇપની વ્યવસ્થા કરવી પડે, તેને તૈયાર કરવા માટે ઘણો જ ખર્ચ તેમજ શ્રમનો ઉપયોગ થાય છે. વિભિન્ન ભાષાઓ માટે અલગ વ્યવસ્થા કરવામાં ઘણો જ સમય, શ્રમ, ધનની બરબાદી થાય છે. એક જ ભાષા હોત તો સમય, શ્રમ, તેમજ ધનની સારી બચત થાય જેનો ઉપયોગ અન્ય કાર્ય માટે થઇ શકત.

એ તો અર્થ વગેરે વ્યવસ્થાની વાત થઇ. પરંતુ ભાષાઓની ભિન્નતાને લીધે પરસ્પર સંબંધ મધુર તેમજ ગાઢ બનાવવામાં ઘણી જ મુશ્કેલી પડે છે. એક ભાષાનો જાણકાર બીજી ભાષા જાણકારથી મળે છે, તો જુદો તરી આવે છે, એની વિરુદ્ધ એક જ ભાષા બોલનાર એકબીજાને મળે છે ત્યારે આત્મીયતાની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અનુભૂતી સ્વયં ઉત્પન્ન થાય છે. સ્નેહ તેમજ અનુભૂતી સ્વયં ઉદ્ભવે છે. વિદેશોમાં પોતાના પ્રદેશના રહેનારા તેમજ સ્વભાષા (માતૃભાષા) બોલનાર મળે છે ત્યારે સ્વભાવિક પ્રસન્નતા ઉત્પન્ન થાય છે, તેમજ આત્મીયતા વધે છે.

સૂક્ષ્મદર્શકો તેમજ શ્રેષ્ઠ પંડિતોનું કહેવું છે કે હવે પછીના દિવસોમાં સમસ્ત વિશ્વે એક જ રાષ્ટ્ર તરીકે વિકાસ કરવો પડશે. એ સિવાય આંતરાષ્ટ્રીય ક્ષેત્રે વધતાં ઝઘડાંઓ ઓછા થશે નહીં. યોજનાઓ એક જ વર્તુળમાં રાખવી પડશે. વિશ્વમાનવનું ક્રાન્તિનું લક્ષ્ય સામે રાખવું પડશે. એ સદ્ભાવવાળા મહાન લક્ષ્યની તૈયારીમા પહેલું કદમ હશે સમસ્ત વિશ્વ માટે એક જ ભાષાઓ નિર્ધાર.

પસાર થયેલી એક સદીમાં એ દિશામાં તૂટક પ્રયાસો થયાં, પરંતુ વ્યવસ્થિત ન હોવાથી સફળતા ન મળી, કેટલાંય વિદ્વાનોએ એક જ સ્થાયી સર્વસામાન્ય ભાષાની આવશ્યકતા માટે તેમની રીતે પ્રયત્નો કર્યા છે. સન્ ૧૮૮૭માં પોલેન્ડના ડૉ. લુકવિક જેન્સ હાર્ડ '' એસ્પેરન્ટો'' ભાષાનો વિકાસ કર્યો. તે સંબંધી એક પુસ્તક '' ટોકટરો એસ્પરન્ટો '' લખ્યું છે. તેમાં ઉપયોગ કરાયેલ ૯૨૧ શબ્દો વિશ્વની જાણીતી ભાષાઓમાંથી લીધા છે. શરૂઆતના ૮૩ દેશના એક લાખ લોકોએ પ્રયોગ કર્યો. ૫૦ રાષ્ટ્રીય એસોસીયેશન, ૨૨ આંતરાષ્ટ્રીય વ્યવસાયિક સમુદાયો તેમજ ૧૨૦ થી વધારે સ્થાનિક ક્લબ તેમજ સંસ્થાઓએ તેનો પ્રયોગ કર્યો. પરંતુ વિશ્વ રાષ્ટ્રસંઘ અથવા લીગ ઓફ નેશન્શે માન્યતા ન આપી. એ ભાષા માટે શરૂઆતમાં ઉત્સાહ બતાવ્યો, પોતાની ખામીથી એ ભાષા વિશ્વનું સ્થાન ન લઇ શકી. એ અગાઉ જોન માર્ટિન સ્કેલેચર નામના વિદ્વાને અનેક ભાષાઓનું મિશ્રણ કરીને ૧૮૮૭ માં 'બોલાપિક' નામની ભાષાને વિશ્વ ભાષાનું સ્વરૂપ આપવા પ્રયત્ન કર્યો, પરંતુ તે પ્રયાસ નિષ્ફળ થવાનું કારણ હતું સંબંધ વિનાનો અવ્યવસ્થિત તેમજ અધૂરો પ્રયાસ.

સને ૧૯૦૭ માં ' લાયસ ડી. વ્યૂફ્રોન્ટ' નામના વિદ્વાને એસ્પેરેન્ટો ભાષાની પ્રેરણા લઇને નવી રીતે આંતરાષ્ટ્રીય ભાષા માટે પ્રયાસ કર્યો. નવી ભાષાનું નામ ' ઇડો  રાખ્યું, પરંતુ માત્ર ચર્ચા પૂરતી મર્યાદિત રહેવાથી વિશ્વ ભાષાનું સ્થાન ન લઇ શકી. એ રીતે ચોથો પ્રયાસ કરનાર ચોથી વ્યક્તિ 'ઓટો જેસપર્સન હતો. તેણે ૧૯૨૮ માં ' નોવિયલ ' ભાષાનો પ્રયાસ કર્યો , પરંતુ ખામીઓને લીધે તેને આંતરાષ્ટ્રીય માન્યતા ન મળી.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લેટિન ભાષાનો આધારિત ગણિતશાસ્ત્રી 'ગાયસ પી. પીયનો'એ ૧૯૦૩ માં ઇન્ટરલિંગુઆ (લેટીનોસાઇનફ્લેકિસન) નામની ભાષાનો વિકાસ કર્યો. તે જુદી જુદી ભાષાનો સમન્વય હતો. એવો પ્રયત્ન કરનાર 'એડગર ડી. બહલ' હતો. ૧૯૨૨માં ' આકસીન્ટલ ' નામની ભાષાને વિશ્વભાષા બનાવવા પ્રયત્ન કર્યો, પરંતુ વિશ્વભાષાને માટે ઉપયોગી વિશેષતાઓના અભાવે તે પણ નિષ્ફળ ગઇ.

બ્રિટન મનોવૈજ્ઞાનિક તેમજ શિક્ષણશાત્રી 'ચાર્લ્સ કે. એડગને. સને ૧૯૩૨ માં અંગ્રેજીની લોકપ્રિયતાની લીધે મૂળ અંગ્રેજીમાં ફેરફાર કરીને નવી આંતરાષ્ટ્રીય ભાષાનો પ્રયાસ કર્યો. ૮૫૦ શબ્દોનો શબ્દકોષ તૈયાર કર્યો, પરંતુ વિશ્વની પ્રમુખ ભાષાને તેમની અગ્રિમતા તેમજ મહત્ત્વ આપીને નવી 'બેસિક અંગ્રેજી' ને આંતરાષ્ટ્રય માન્યતા મળી નહીં.

ઉપર પ્રમાણેની અસફળતાઓ છતાં વિશ્વ માટે એક જ ભાષાની આવશ્યક્તા સૌને જણાય છે. ઉપરોક્ત પ્રયાસો ઉપર 'ઇનસાક્લોપીડિયા બ્રિટેનિકા' એ ટીકા કરતાં જણાવ્યું છે કે 'વિશ્વમાં એક સર્વસામાન્ય ભાષા માટે પ્રયત્નો ચાલુ છે. આજ સુધી એમાં સફળતા ન મળી, એનો અર્થ એમ નથી કે હવે પછી તેના પ્રયત્નો બંધ થઇ જશે. એવી પૂરેપૂરી શક્યતા છે કે સમયના વિકાસની સાથે સાથે એ અનુભવ થતો રહેશે કે વધુ પડતી ભાષાઓ વિકાસ પામતા સંસાર અને માનવીના વિકાસમાં અવરોધક છે. વિવિધ ભાષાઓના મર્યાદિત ક્ષેત્રોમાં પ્રયોગની સગવડતાઓ ન હોવાને લીધે હવે પછીના સમયમાં એક ભાષા પસંદ કરીને વિકસાવવી આવશ્યક રહેશે. સમસ્ત વિશ્વને ભાવનાત્મક એકતાના સૂત્રમાં લાવવા માટેની દિશામાં હવે પંડિતોએ વિચારીને નવા પ્રયાસ માટેના કદમ વિલંબ વિના ઉઠાવા જોઇએ.

## ૬. અણુબોમ્બના ઢગલા પર બેઠી છે આ દુનિયા

વિજ્ઞાનની પોતાની સિદ્ધિ તેમજ પ્રગતિનું મહત્ત્વ છે. એ બંનેની આવશ્યકતા તેમજ ઉપયોગીતાનો ઇન્કાર થઇ શકે નહિ. એમ છતાં પણ એનો લાભ ત્યારે જ કહેવાય કે સર્જનમાં મદદ કરે. વિનાશ માટે વિજ્ઞાનની સિદ્ધિ હમેશા ઘાતક જ રહી છે. વિજ્ઞાનનું જેટલું સામર્થ્ય વધશે તેટલા પ્રમાણમાં વિકાસ કે વિનાશ થતો જશે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આજનો જમાનો પ્રગતિ માટે છે. વિજ્ઞાન ક્ષેત્રની પ્રતિભાઓ એ ક્ષેત્રમાં વધારે પ્રમાણમાં છે. શાસન કરનારી સરકાર હમેશા તેને મદદ કરે છે. વધારે પ્રમાણમાં સાધનો એકઠાં કરવામાં તેને કોઇ તકલીફ પેદા થતી નથી. ઔદ્યોગિક પેદાશ કરનાર તેમજ વ્યવસાયી લોકો એવી પ્રાપ્તિઓ (સગવડતાઓ) ની શોધમાં રચ્યાં પચ્યાં રહે છે કે જેથી તેઓ સમૃદ્ધ બનવાની તક પ્રાપ્ત કરી શકે. એટલા માટે શાસનકર્તાઓની જેમ ધનવાન લોકો પણ વૈજ્ઞાનિકોને છેલ્લો પ્રયત્ન કરવાને તેમજ તેમના માટે લાભકારી આધાર ઊભો કરવાને હરવક્ત સહયોગ આપતાં રહ્યા છે, એવી પરિસ્થિતિમાં વિજ્ઞાનની એવા પ્રકારની દિશાઓને અધિક અગ્રગામી બનવાનો અવસર પ્રાપ્ત થયો છે, જેનાથી શાસનકર્તા તેમજ ઓદ્યોગિક લોકોને વધારે લાભકારક બને. શસ્ત્રો, ભૌતિક સાધનો તેમજ ઉદ્યોગોને વિજ્ઞાનની શોધોથી ભારે પ્રોત્સાહન મળ્યું છે. તેમજ એ બધા પ્રગતિની ચરમ સીમા સુધી પહોંચી ગયા છે.

પાછલાં થઇ ગયેલા નાના મોટા યુદ્ધોની રોમાંચકારી વાતો સાંભળીને ભવિષ્યમાં આવી પડનારા યુદ્ધોની કલ્પના માત્રથી હદયના ધબકારા વધી જાય છે. તે યુદ્ધમાં આક્રમકો તેમજ આક્રમણ કરનારને પોષનાર (ટેકો આપનાર) સમૂહને નુકસાન નહીં થાય, પરંતુ માનવ સમાજે ભવિષ્યની પ્રગતિ માટે પાછા ફરવું પડશે. એટલું જ નહીં પરંતુ માનવનું અસ્તિત્ત્વ ટકવું મુશ્કેલ બની જશે, યુદ્ધોના વિચાર અને પરિણામ પર વિચાર કરતાં મહાવિનાશની આપત્તિ આવી પડશે.

મહાન વૈજ્ઞાનિક 'આઇન્સ્ટાઇન' ને એકવાર પૂછવામાં આવ્યું કે ત્રીજા વિશ્વયુદ્ધમાં કેવા હથિયારોનો ઉપયોગ થશે ? તેમણે ઉત્તર આપતાં જણાવ્યું કે આ વિશે હું કંઇ કહી શકું તેમ નથી, પરંતુ એટલું ચોક્કસ હશે કે ચોથું વિશ્વયુદ્ધ પથ્થરોના હથીયારોથી લડવામાં આવશે.

એ વાત એ વખતે ભલે સામાન્ય જણાઇ હોય, પરંતુ આજના સમયની વિચારણા કરવામાં આવે તો જણાય છે આઇન્સ્ટાઇનના કથન પાછળનો ગંભિર આશય હતો. અણુશસ્ત્રની હરિફાઇથી દુનિયામાં એવા ભયંકર શસ્ત્રોનો વિશાળ ભંડાર થઇ ગયો છે કે હવે પછીનું વિશ્વયુદ્ધ ચોક્કસ અણુશસ્ત્રોથી જ લડાશે જેથી તમામ વસ્તુઓનો નાશ થશે. ટેકનિક જ ટેકનિકને ખાઇ જશે. સમસ્ત વિશ્વમાં મનુષ્યને રહેવા માટે કંઇ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ રહેશે નહીં, એથી સ્પષ્ટ થાય છે કે મનુષ્ય પાસે પથ્થરો સિવાય કંઇ જ રહેશે નહીં.

પાછળની એક સદીથી પ્રથમ વિશ્વયુદ્ધ સુધી, બીજા વિશ્વયુદ્ધથી આજ સુધી સંહાર કરનારા શસ્ત્રોની સંખ્યા ચોક્કસ પ્રમાણમાં વધી રહી છે, ન તો કેવળ નવા શસ્ત્રો પેદા થઇ રહ્યા છે, પરંતુ જૂના શસ્ત્રોમાં પણ સુધારા થઇ રહ્યા છે, તો ત્રીજું વિશ્વયુદ્ધ થશે તો તેમાં કેવા શસ્ત્રોનો ઉપયોગ થશે તે કહેવું મુશ્કેલ છે.

બીજા વિશ્વયુદ્ધના અંત ભાગ વખતે જર્મનીએ એક એવી રાયફલ શોધી હતી કે જેનાથી લગાતાર ફાઇરીંગ થતું રહેતું. તે સમયની આજ સુધી નવી રાયફલો નવા સ્વરૂપે ઉત્પન્ન થઇ ગઇ છે. પરંપરાગત રાયફલમાં એક વખતે એક જ ગોળીબાર થઇ શકતો હતો, પરંતુ નવી રાયફલોમાં એક સાથે ધડાધડી થઇ શકે છે. નવા પ્રકારની રાયફલોમાં પણ સુધારો થઇ રહ્યો છે. એક તો એ કે મરજી પ્રમાણે લગાતાર ફાયરીંગ થઇ શકે એક પછી એક વખત પણ થઇ શકે. બીજો સુધારો યોગ્ય નિશાન પર ગોળી જઇ શકે છે. તે દિવસે તેમજ રાત્રે યોગ્ય નિશાન લઇ શકે છે. એવી રાયફલો શોધાઇ રહી છે કે જેમાં પરંપરાગત ગોળીઓને સ્થાને પેન્સિલ ટાઇપના આગળના છરાઓમાંથી કાંટાળા બાણોની વર્ષા થઇ શકે, આગામી દિવસોમાં એ પણ શક્ય છે કે રાયફલની જગ્યાએ રોકેટ ફેંકનારા યંત્રોની મદદથી દરેક સૈનિક નાનામોટા હથિયારો દુશ્મન પર ફેંકી શકશે. એ પણ સંભવ છે કે સિપાઇઓને લેસર કિરણો ફેંકનારી બંદૂકો આપવામાં આવે, આજ સુધી એવી બંદૂકો વિશે ગપ્પા સાહિત્યમાં વાંચવામાં આવ્યું છે, પરંતુ વાસ્તવિક છે કે એવા શસ્ત્રો તૈયાર થઇ ગયા છે.

યુદ્ધમાં તોપોનું મહત્ત્વ પણ વધારે રહ્યું છે. છેલ્લા દરેક વરસમાં એવી હલકા વજનવાળી તોપોનો વિકાસ કરવામાં આવ્યો છે કે જેની હેરફેર સહેલાઇથી થઇ શકે. જમીન પરના યુદ્ધના શસ્ત્રોમાં રણગાડીઓ વધારે ઉપયોગી સાબિત થઇ છે, બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીએ તેનો ઉપયોગ કરીને તેની વિશેષતા સાબિત કરી છે. હવે ટેંકો (રણગાડીઓનો) વિકાસ થયો છે. સામાન્ય રીતે ટેંકો વધારે વજનવાળી હોવાથી તેનો ઉપયોગ કઠીન હતો. જર્મનીએ ચાલીસ ટનથી ઓછા વજનવાળી ટેંકો બનાવી છે. તેની પ્રગતિ કરવામાં ફ્રાંન્સ અને બ્રિટન ઘણા આગળ નીકળી ગયા છે, એ દેશો ઉત્પાદિત કરેલ ટેંકો આજ સુધીમાં શ્રેષ્ઠ છે તેમજ દસ ટન હલકાં વજનવાળી છે. અધિક આશ્ચર્યની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વાત તો એ છે કે પહેલાં તેના ઉપર તોપો ગોઠવાતી હતી, પરંતુ હવે ટેંકોની અંદરના ભાગમાં તોપો ગોઠવાય છે. એ સાથે ઓછી ઉંચાઇવાળી ટેંકો વિકાસ પામી છે.

આ તો લડાઈમાં ઉપયોગી વંશપરંપરાગતના શસ્ત્રોની વાત થઇ. પસાર થયેલાં ત્રણ ચાર દસકામાં આ ક્ષેત્રમાં કલ્પના બહારની પ્રગતિ થઇ છે. ૧૯૫૦ ની આસપાસ હેરફેર કરવા માટે તેજ ગતિથી ચાલનારુ વાયુમાન 'હોવર ક્રાફ્ટ' અમલમાં આવ્યું. આ એક વધારે અવાજ કરીને ધુમાડો ફેંકીને અંધારુ પેદા કરનારું અદ્યતન વાહન છે. વિશ્વના ઘણા દેશો 'હોવર ક્રાફ્ટ' પર વધુ સંશોધન કરી રહ્યાં છે. જાણવા મળ્યું છે કે ગઇ સાલ અમેરિકાએ નૌકાસેના માટે ૧૬૦ 'હોવર ક્રાફ્ટ' તૈયાર કર્યા છે, જે એકી સાથે ૪૦૦ સૈનિકો અથવા અન્ય યુદ્ધ સામગ્રી આસાનીથી હજારો માઇલ સુધી ઉંચકી શકે છે.

બીજા વિશ્વયુદ્ધ બાદ કલ્પના બહારના જે આધુનિક શસ્ત્રોની શોધ થઇ છે, તેમાં પ્રક્ષેપાત્ર મુખ્ય છે. આજે પ્રક્ષેપાત્ર દરેક રાષ્ટ્ર માટે પ્રતિષ્ઠાનું સાધન બની ગયું છે. વિશ્વના મોટા દેશો નહીં પરંતુ બ્રાઝિલ તેમજ દક્ષિણ આફ્રિકાના નાના દેશો બનાવવા લાગ્યા છે.૧૯૪૪ પછી આ પ્રકારના શસ્ત્રોમાં ચમત્કારિક વિકાસ થયો છે.

કેટલાક દેશો તેના અનુસંધાનમાં ઉપગ્રહ છોડી રહ્યા છે. તેના જાણનાર પંડિતોનું કહેવું છે કે હવે એવા ઉપગ્રહો શોધાયા છે, કે જે અનુસંધાનને બહાને તેમની ઇચ્છા પ્રમાણે બોમ્બ ઉપગ્રહમાંથી નીચે (પૃથ્વી પર) નાંખશે.

હવે રસાયણ યુદ્ધોની ચર્ચા થઇ છે. ખાસ કરીને અમેરિકાએ વિયેટનામમાં નાપામ બોમ્બનો મારો ચલાવ્યો, તેથી દુનિયાનું ધ્યાન એ બાજુ રહ્યું છે. પ્રથમ વિશ્વયુધ્ધ વખતે અશ્રુગેસ, ઝેરીલો ગેસ અને નાપામ બોંમનો ઉપયોગ થયો હતો, ઉલ્લેખનીય બાબત એ છે કે પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મનીએ પ્રક્ષેપાત્રનો ઉપયોગ કર્યો, તે રસ્તે નાપામ બોમ્બનું સંશોધન થયું. એ પ્રકારના ૫ લાખ ટન નાપામ બોંમ્બ આજ સુધી જુદા જુદા દેશો પર ફેંકવામાં આવ્યા છે. કોરિયા યુદ્ધમાં ત્રણ હજાર ટન અને વિયેટનામ યુદ્ધમાં ૪ લાખ ટન નાપામ બોંમ્બનો અમેરિકાએ ઉપયોગ કરીને વિશ્વને દંગ કરી નાંખ્યુ.

પરંપરાગત યુદ્ધનો માનવ જાતિને ખ્યાલ છે, પરંતુ વીસમી સદીની વિજ્ઞાનની એકધારી પ્રગતિથી યુદ્ધને ઉપયોગી નવી પ્રગતિ થઇ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીએ જ્યારે મનુષ્યને સુખી બનાવવા પ્રયત્નો કર્યા છે, તો બીજી બાજુ મોતનો ઘાટ ઉતારનારા શસ્ત્રો સરંજામ પણ પેદા કર્યા છે. એક કિલો ટનથી ૬૦ મેગાટન; તેમજ તેનાથી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વધારે શક્તિશાળી અણુબોમ્બનું નિર્માણ થઇ ચૂક્યું છે, તેમજ અનુમાન પ્રમાણે ૧૯૮૨ ના અંતસુધી વિશ્વમાં દરેક વરસે પંદર હજાર પ્લુટોનિયમ બોમ્બનું નિર્માણ થશે.

કેનેડાના અલ્વિન નામના ભૌતિકશાસ્ત્રીએ જણાવ્યુ છે કે જેમાં એકલી અમેરિકાની પરમાણુ શક્તિનું ઉલ્લેખ કર્યો છે. તેઓ અનુમાન કરતા જણાવે છે કે એક હોલમાં એકઠા થયેલ એક લાખ લોકો કે દરેકની પાસે ત્રણ પરમાણુ બોમ્બ હોય તેમજ પ્રત્યેક બોમ્બની નુકસાન કરવાની શક્તિ હિરોશીમા પર ફેકવામાં આવેલ બોમ્બની બરાબર હોય, એટલી પરમાણુશક્તિ આજે એકલા અમેરિકા પાસે છે, વિશ્વની બાકીની માહિતિ ઉપલબ્ધ નથી, પરંતુ અનુમાન કરવામાં આવે છે કે સમસ્ત વિશ્વમાં પરમાણુબોમ્બ અરબી ટી.એન.ટી. વિનાશક શક્તિની બરાબર છે. એ માત્રા એટલી અધિક છે કે વિશ્વની હાલની વસતી ૪૧૧ કરોડને એટલે કે દરેકને પચ્ચાસ હજાર વખત મારી નાંખવામાં આવે, એથી આગળ વધીને કહેવાય કે માનવ બુદ્ધિ એટલે કે વિચારશક્તિ માટે આથી વિશેષ ક્યું કલંક હોઇ શકે કે મનુષ્ય પોતાને પચાસ હજાર વખત મારી નાંખવાની તૈયારી કરી છે ?

આજ સુધી અનેક જાતના શસ્ત્રોની, પરમાણુ, હાઇડ્રોજન બોમ્બ કે મિસાઇલોને વધારે ઘાતક કે વિનાશક તરીકે ચર્ચા કરવામાં આવતી હતી. વિજ્ઞાને નાશ કરનારા સાધનોમાં વધુ ઘાતક લેસર કિરણની શોધ કરી. આદિકાળથી મનુષ્ય જાતિ સૂર્યશક્તિને આધારે પ્રકાશ, તાપ, અગ્નિ તેમજ પ્રાણ તત્ત્વ (પ્રાણવાયુ) પ્રાપ્ત કરે છે. સૂર્ય શક્તિનો ભંડાર છે. વિજ્ઞાને સૂર્યદ્વારા નવી શક્તિ પ્રાપ્ત કરી છે, સૂર્યના સાત પ્રકારના કિરણોમાંથી લાલ રંગના કિરણો દ્વારા લેસર કિરણોની શોધ કરી છે. આજ સુધી અણુશક્તિને સૌથી વધારે શક્તિશાળી તેમજ પ્રચંડશક્તિશાળી માનવામાં આવતી હતી, તેની મારવાની તેમજ દાહકશક્તિ સર્વોપરી માનવામાં આવતી હતી, પરંતુ હવે સાબિત થયું છે કે લેસર કિરણો અણુવિસ્ફોટથી ઉત્પન્ન થતી શક્તિના પ્રમાણમાં અધિક ઘાતક તેમજ દાહક છે. અણુવિસ્ફોટથી ઉત્પન્ન થનાર રેડિયો કિરણોનો પ્રભાવ લાંબા સમય સુધી રહે છે, તેમજ પ્રાણીઓ અને વનસ્પતિ ઉપર ઘાતક સાબિત થાય છે. લેસર કિરણોથી દુષિત વિકરણ ઉત્પન્ન થતાં નથી, તેથી તેની ઉપયોગીતાને અધિક મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. પ્રકાશના સાત રંગોના કિરણો સામાન્ય રીતે મિશ્રિત થઇ ને આગળ વધે છે. લેસર કિરણો પણ તેની સાથે મિશ્રિત થઇ જાય છે. પરમાણુના અંદરના ભાગમાંથી વિશેષ શક્તિ પ્રાપ્ત કરવાને માટે જેવી રીતે મુશ્કેલ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વૈજ્ઞાનિક ક્રિયામાંથી પસાર થવું પડે છે, તે રીતે લેસર કિરણોને અલગ કરવા માટે વિવિધ પ્રકારના પ્રયોગો કરવા પડે છે. જ્યારે તેમને અન્ય કિરણોથી જૂદા પાડી દેવામાં આવે છે ત્યારે અદ્‌ભૂત ચમત્કાર સર્જે છે. તેની અદ્‌ભૂત શક્તિથી મજબૂત પોલાદને બારિક છેદ (કાણું) પાડવું હોય તો સેકંડના એક હજારમાં ભાગ જેટલાં સમયમાં છેદ પાડી દે છે. શુદ્ધ કિરણોનુ તાપમાન છ હજાર સેન્ટીગ્રેડ હોય છે. મજબૂત હીરામાં લેસર કિરણોથી પાતળા છેદ સહેલાઇથી થાય છે. તેનું અધિકતમ તાપમાન ૧૮૦૦ ડિગ્રી સેન્ટીગ્રેડનું સાબિત થયું છે.

લેસર કિરણોના ઉત્પાદનમાં મુખ્યત્ત્વે લાલમણીનો ઉપયોગ થાય છે. તે એલ્યુમિનિયમ અને ઓક્સિજન પર આધારિત છે. જે યંત્રના માધ્યમથી લેસર કિરણો ઉત્પન્ન થાય છે, તે ચાર ઈંચ જાડા લાલ રંગનું નાનું સાધન હોય છે. એમાં ક્રોમિયમ પરમાણુ દ્વારા પ્રકાશનો લીલો અથવા પીળો રંગ પેદા કરવામાં આવે છે. એ રીતે ડિસચાર્જ લેપ મારફતે એક સેકન્ડના હજારમાં ભાગ જેટલા સમયમાં પ્રકાશ ઉત્પન્ન કરીને લાલ રંગના કિરણોથી લેસર કિરણો પેદા કરાય છે. આજ સુધી પ્રાપ્ત કરવામાં આવેલ કિરણોની જાડાઇ એક ઈંચના દસ લાખમાં ભાગની બરાબર છે. ભવિષ્યમાં એથી વધારે શક્તિશાળી લેસર કિરણો ઉત્પન્ન કરવાની શક્યતા છે.

લેસર શક્તિનો ઉપયોગ બંને રીતે થઇ શકે તેમ છે. સર્જન અને વિનાશ માટે. અણુશક્તિનો ઉપયોગ પરમાણુ જેવાં વિનાશક શસ્ત્રો બનાવવામાં તેમજ અણુ ભઠ્ઠીઓ લગાડવામાં એમ બંને રીતે થયો છે. લેસર કિરણોનો પણ બંને રીતે ઉપયોગ થઇ શકે તેમ છે. ચિકિત્સા પદ્ધતિમાં તેનો ચમત્કારી ઉપયોગ થયો છે. અમેરિકાના દાક્તરોએ આંખ જેવા નાજૂક અંગના ટ્યુમર (ગાંઠ) ને લેસર કિરણોની મદદથી સેકંડના લાખમાં ભાગ જેટલા અલ્પ સમયમાં બાળીને નાશ કર્યો, જ્યારે આંખની અંદરની ગાંઠનું ઓપરેશન દાક્તરો માટે ખતરનાક તેમજ જોખમી કાર્ય સાબિત થયું છે. નજીકના ભવિષ્યમાં લેસર કિરણોના ઉજ્જવળ ભવિષ્યની શક્યતા છે. માનવ શ્રમ અને સમયનો એક મોટો ભાગ એના ઉપયોગથી બચાવી શકાશે. એની મારફત ટેલીફોનથી વાતચીત તેમજ ટેલીવિજનના કાર્યક્રમોમાં સહયોગ પ્રાપ્ત થશે.

બીજા ગ્રહોની શોધ માટે આજે ખર્ચીલાં રોકેટ તેમજ ઉપગ્રહોને મોકલવાની પરંપરા છે. વૈજ્ઞાનિકોનો મત છે કે આ કિરણો દ્વારા સૂર્યમંડળ તો નહીં પણ એની બહારના ભાગોની શોધખોળ થઇ શકશે. એ દિશામાં પ્રયોગ થઇ રહ્યા છે અને સફળતા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મળી છે. પાછલા દિવસોમાં ''લુઇસ્મિલન તથા જિર્જી'' નામના બે વૈજ્ઞાનિકોએ ચંદ્ર ઉપર લેસર કિરણો મોકલી તે ચંદ્ર પર પહોંચીને માત્ર બે સેકંડમાં પાછા આવ્યા, તેથી ઘણું જાણવા મળ્યું, જે ચંદ્રયાન દ્વારા ગયેલા યાત્રીઓએ પ્રાપ્ત કર્યું હતું . લેસર કિરણોનો અદ્‌ભૂત અને અભૂતપૂર્વ શક્તિનો ઉપયોગ વિદ્યુત ઉત્પાદન માટે વિચારી રહ્યા છે.

લેસર કિરણોના સદુપયોગ મારફતે રચનાત્મક દિશામાં સમૃદ્ધિ પેદા કરવા માટે જેટલો લાભ મેળવવાની આશા (કલ્પના) રાખવામાં આવી છે, તેથી પણ વધારે સંશય તેના દૂરપયોગથી થનાર વિનાશ માટે રાખવામાં આવે છે, એના પ્રચંડ તાપમાન ૧૮ હજાર સેન્ડીગ્રેડને લીધે દરેક વસ્તુ બાષ્પ બનીને હવામાં પ્રસરી શકે. લેસર કિરણોથી ચોક્કસ નિશાન લઇ શકાશે.પરમાણુબોમ્બને નિશ્ચિત સ્થાન પર છોડવા માટે તેનો ઉપયોગ થઇ શકશે. આકાશમાં ઉડતાં વિમાનો તેમજ રોકેટોને બાળીને ભસ્મ કરી શકાશે. મૃત્યુ માટે જ્યાં તેનો ઉપયોગ થશે, ત્યાં પૃથ્વી વેરાન સ્વરૂપ ધારણ કરી લેશે, તેમજ જીવતી કોઇ વસ્તુ બચી શકશે નહીં કારણ કે તેના ભારે તાપમાનથી દરેક વસ્તુ સળગીને હવામાં બાષ્પ સ્વરૂપે ભળી જશે.

પરમાણુ વિસ્ફોટ ઉપરાંત પેદા થનારી ભારે શક્તિનો આજ સુધી પૂરો ઉપયોગ થયો ન હોતો, પરંતુ લેસર કિરણોના માધ્યમથી હવે શક્ય બનશે. જનરલ કર્ટિસ ઇ. લિયો નામના વૈજ્ઞાનિકને હવે વિશ્વાસ છે કે હવે પછીના દિવસોમાં વિમાન વિરોધી તોપો માત્ર સ્મૃતિ તરીકે હશે. હલકાં લેસર કિરણો પોતાના ધારેલા નિશાન ઉપર ત્રાટકીને ક્ષણવારમાં બાળીને ખાખ કરી દેશે. એની નાશ કરવાની અક્ષમ્ય શક્તિને લીધે વૈજ્ઞાનિકોએ તેને મૃત્યુ કિરણો કહી છે.

એ રીતે લેસર કિરણોનો ઉપયોગ જ્યારે મનુષ્ય જાતિ માટે વરદાન રૂપ છે, ત્યારે દુરુપયોગ અભિશાપ સાબિત થઇ શકે છે. મનુષ્ય કઇ દિશામાં તેનો ઉપયોગ કરશે,, તે તેની ઉપર નિંર્ભર છે. પાછલા દિવસોમાં વિનાશ માટેની ઉપયોગી બનેલી વિજ્ઞાનની શક્તિથી મનુષ્યે ઘણું ગુમાવ્યું છે, પરંતુ નજીવું મેળવ્યું છે. વિવેકનો ઉપયોગ જરૂરી છે કે માનવ બુદ્ધિ પોતાની વર્તમાન ગતિનિધિ (નિર્ણય શક્તિ) પર પુનઃવિચાર કરે અને નિર્ણય લે કે સમસ્ત વિશ્વને તારવું છે કે નાશ કરવો છે ? જો તેને પોતાનું અસ્તિત્ત્વ ટકાવવું હોય તો વિના વિલંબે શક્તિના દુરુપયોગને રોકે તેમજ સર્જનની બાજુએ આગળ વધે. વિવેકશીલતા અને પ્રગતિશીલતા એથી સર્વશ્રેષ્ઠ, કલ્યાણકારી હોય કે જ્યારે બુદ્ધિના અંકુશમાં રહેનારું વિજ્ઞાન કલ્યાણકારી દિશામાં આગળ વધે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ૭. વિશ્વશાંતિ રચનાત્મક પ્રયત્નોથી સફળ થશે

'ઇન્સાઇક્લોપીડિયા બ્રિટેનિકા'માં જણાવ્યા પ્રમાણે 'યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ સાઇન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓરગેનાઇજેશન' ના ૧૯૮૦ ના રિપોર્ટ પ્રમાણે વિશ્વમાં દરેક વર્ષે એક ખરબ બોતેર અરબ અઠ્ઠાવન કરોડ વીસ લાખ ડોલર સૈનિક શક્તિ તેમજ શસ્ત્રોના નિર્માણ પાછળ ખર્ચાય છે. એ રકમ વિશ્વની આવકનાં ૭.૨ ટકા થાય છે. તેમજ પ્રતિવર્ષ શિક્ષણની પાછળ થતો ખર્ચ એક ખરબ ઓગણીસ અરબ થાય છે. એ કુલ આવકના ૫ ટકા ખર્ચ છે. આરોગ્ય પાછળ પ્રતિવર્ષ થતો ખર્ચ ૫૮ અરબ ૭૩ કરોડ ૩૫ લાખ ડોલર થાય છે. કુલ ખર્ચના ૨.૫ ટકા છે.

૧૯૭૦ ના વર્ષમાં જુદા જુદા દેશોએ રક્ષણ પાછળ સૌનિક શક્તિ તેમજ શસ્ત્રોના નિર્માણ પાછળનો ખર્ચ આ પ્રમાણે છે. યુ.એસ.એ. ૭૩ અબજ ૪૦ કરોડ ડોલર, રશિયા ૩૯ અરબ ૭૭ કરોડ ૮૦ લાખ ડોલર, પશ્ચિમ જર્મની ૬ અરબ ૧૧ કરોડ ૧૦ લાખ ડોલર, ફ્રાન્સ ૫ અરબ ૮૭ કરોડ ૪૦ લાખ ડોલર, બ્રિટન ૫ અરબ ૭૧ કરોડ ૨૦ લાખ ડોલર, ઇટાલી ૨ અરબ ૪૧ કરોડ ૬૦ લાખ ડોલર, પોલેન્ડ ૨ અરબ ૨૨ કરોડ ડોલર, ઇટાલી ૨ અરબ ૪૧ કરોડ ૬૦ લાખ ડોલર, પોલેન્ડ ૨ અરબ ૨૨ કરોડ ડોલર, પૂર્વ જર્મની ૧ અરબ ૯૯ કરોડ ડોલર, કેનેડા ૧ અરબ ૭૪ કરોડ ૧૦ લાખ ડોલર, ચેકોસ્લાવેકિયા ૧ અરબ ૬૩ કરોડ ૫૦ લાખ ડોલર, ભારત ૧ અરબ ૪૬ કરોડ ૭૦ લાખ ડોલર, ઓસ્ટ્રેલિયા ૧૭૭૯ માં ૧ અરબ ૨૭ કરોડ ડોલર, આરબ રાજ્યો ૧ અરબ ૨૭ કરોડ ૨૦ લાખ ડોલર, સ્વીડન ૧ અરબ ૧૨ કરોડ ૯૦ લાખ ડોલર, ઇઝરાયેલ ૧ અરબ ૭ કરોડ ૫૦ લાખ ડોલર, આ આંકડો જગતનાં આગળ પડતાં દેશોના છે જે પ્રામ થઇ શક્યા છે. અન્ય દેશોના આંકડા પ્રામ થઇ શક્યા નથી. ૧૯૭૧ ના નવા આંકડા અનુસાર સંરક્ષણને નામે ખર્ચવામાં આવેલ કુલ રકમ ૧ ખરબ ૭૨ અરબ ૫૮ કરોડ ૨૦ લાખ ડોલર સુધી પહોંચીગઇ છે.

પશ્ચિમના વિચારક ગિબ્બને ઘણાં સમય અગાઉ જણાવ્યું હતું કે મનુષ્યે કુદરત કે જંગલી પ્રાણીઓથી ડરવાની જરૂર નથી. પરંતુ પોતાના જ લોકોથી એટલે કે મનુષ્યોથી ડરવું પડશે. એમની શંકા અસ્થાને નથી. સંરક્ષણની પાછળ વધતો ખર્ચ તેમ જ ઘાતક



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શસ્ત્રોનું નિર્માણ એ બાબતના પૂરાવા છે. માનવ-માનવ વચ્ચેનો સ્નેહ ભ્રાતૃભાવ કેટલો ઝડપી અદૃશ્ય થઇ રહ્યો છે ? મનુષ્ય દિવસે દિવસે હિંસક એટલે કે જંગલી બની રહ્યો છે. શસ્ત્રોના નિર્માણ તેમજ એકત્રીકરણથી તનાવ (ઠંડુ યુદ્ધ) વધી રહ્યો છે, તેમજ ત્રીજા વિશ્વયુદ્ધનો ભય પ્રબળ બની રહ્યો છે.

થઇ ગયેલાં બે વિશ્વયુદ્ધને પરિણામે મનુષ્યે ઘણું ગુમાવ્યું છે, પરંતુ કંઇ જ મેળવ્યું નથી. આ સદીમાં થયેલ યુદ્ધો અને મરનાર વ્યક્તિનાં આંકડા આ પ્રમાણે છે. ૧૯૦૪-૦૫ માં જાપાન અને રશિયા વચ્ચે થયેલ યુદ્ધમાં ૧ લાખ ૩૦ હજાર વ્યક્તિઓ મરી ગયા. ૧૯૧૨-૧૩ માં વાલ્કન યુદ્ધમાં બે લાખ વ્યક્તિઓ મરી ગયા. ૧૯૩૨ થી ૩૯ નાં સ્પેનના ગૃહ યુદ્ધમાં સૈનિકો ૪ લાખ ૩ હજાર તેમજ પબ્લિકના માણસો ૨ લાખ ૨૫ હજાર મરીગયા.

૧૯૫૦-૫૩ ના કોરિયા યુદ્ધમાં ૫ લાખ ૮૧ હજાર ૮૨૩ સૈનિકો તેમજ ૪ લાખ બીજા માણસો મૃત્યુ પામ્યા. ૧૯૩૯-૪૫ ના બીજા વિશ્વયુદ્ધમાં ૧ કરોડ ૬૯ લાખ ૩૩ હજાર તથા તે સિવાય અન્ય વ્યક્તિઓ ૩ કરોડ ૪૩ લાખ ૫ હજાર મરી ગયા. ૧૯૬૨ થી ૭૫ ના વિયેટનામ યુદ્ધમાં ૪૦ લાખ સૈનિકો અને બીજા મૃત્યુ પામ્યા.

મનુષ્યે જેમ જેમ ભૌતિક વિકાસ કર્યો છે, તેમ તેમ યુદ્ધમાં પણ પ્રગતિ થઇ છે. એ સિવાય નાના અનેક યુદ્ધો થયાં છે. પાછળના સાત દસકામાં જેટલાં યુદ્ધો થયા છે તેની સંખ્યા આ પ્રમાણે છે. ૧૮૮૯ થી ૧૯૦૭ સુધી નવ, ૧૯૦૮ થી ૧૯૧૫ પંદર, ૧૯૧૮ થી ૧૯૨૭ સુધી અગિયાર, ૧૯૨૮ થી ૧૯૩૭ સુધી આઠ, ૧૯૩૮ થી ૧૯૪૭ બાર, ૧૯૪૮ થી ૧૯૫૦ સુધી અઠ્ઠાવીસ, ૧૯૫૮ થી ૧૯૬૭ સુધી પિસ્તાલીસ, તેમજ ૧૯૬૭ પછીનાં આંકડા પ્રાપ્ત નથી, પરંતુ અંદાજ પ્રમાણે સીત્તેરથી વધારે છે.

યુદ્ધમાં માત્ર મનુષ્યો જ નહીં, પરંતુ ઘણું ધન ખર્ચાઇ જાય છે. સરેરાશ યુદ્ધમાં માત્ર એક જ વ્યક્તિને મારવાનો ખર્ચ ધીરે ધીરે વધતો જાય છે. બે બજાર વર્ષ પહેલાં એક વ્યક્તિને મારવાનો ખર્ચ માત્ર અડધો ડોલર એટલે કે ચાર રુપિયા જ થતો હતો. નેપોલિયનના સમયમાં આ ખર્ચ વધીને લગભગ ત્રણ હજાર ડોલર જેટલો ખર્ચ થઇ ગયો. પ્રથમ વિશ્વયુદ્ધમાં એક સૈનિકને મારવાનો ખર્ચ એકવીસ હજાર ડોલર થયો. દ્વિતીય વિશ્વયુદ્ધમાં આ ખર્ચ વધીને બેલાખ ડોલર થયો. અંદાજ પ્રમાણે બીજા વિશ્વયુદ્ધમાં કુલ ખર્ચ ૨૫૦ અરબથી ૪૦૦ ખરબ ડોલર સુધી પહોંચી ગયો.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ છે આજ સુધીનાં યુદ્ધોની માનવ શક્તિ અને ધન શક્તિના ખર્ચનો ઇતિહાસ, જે વિચારશીલ મનુષ્યોને બરાબર પાઠ ભણાવે છે. આજની પરિસ્થિતિ ઘણી જ ભયંકર છે. પાછલાં દિવસોમાં યંત્રોનો આટલો વિકાસ થયો. આજનાં જેવા વિનાશકારી પરમાણુ બોમ્બ નહોતા, હવે પછી જો યુદ્ધ થશે તો મનુષ્ય જાતિ તેનું અસ્તિત્વ ટકાવી રાખશે કે નહીં એમાં શંકા રહેલી છે. સંપૂર્ણ નાશ માટે માત્ર થોડીક મિનીટો જ પૂરતી હશે.

ઇતિહાસ પર દૃષ્ટિ કરવાથી જણાય છે, સ્વ પુરુષાર્થથી અનેક લોકોએ શક્તિ મેળવી, પરંતુ સમાજ, રાષ્ટ્ર કે મનુષ્ય જાતિ માત્ર ને કંઇક આપવા માટે એ લોકો સમર્થ થઇ શક્યા કે જેઓએ સદુપયોગ કર્યો, સર્જનાત્મક તેમજ રચનાત્મક કાર્યો કર્યા. સદુપયોગ માટે એકઠી કરેલી શક્તિની પૂજા, અર્ચના, આરાધના, સાધના કરી. ભારતીય સંસ્કૃતિએ રામ, કૃષ્ણ, બુદ્ધ તેમજ શક્તિની ઉપાસના પાછળ શક્તિનો ખર્ચ કર્યો. રાવણ, કંસ, હિરણ્યાકશ્યપે પણ પ્રાપ્ત કરી હતી, પરંતુ અત્યાચાર, હિંસા, અનૈતિક્તા વગેરે પાછળ વાપરવાથી તેનો તિરસ્કાર કરવામાં આવ્યો. હિટલર, નોપોલિયન, સિકંદર, મુસોલિની,એ પ્રાપ્ત કરેલી શક્તિ વિષે સૌ કોઇ જાણે છે, તેમજ તેમણે કરેલ કાળો કેર (જુલ્મ) સૌ કોઇ જાણે છે.

એમના કૃત્યો ઇતિહાસ હમેશા યાદ રાખશે. જ્યારે નરપિશાચોએ સમાજને નષ્ટ કર્યો, ત્યારે મહાપુરુષોના સત્ પ્રયત્નોથી સમાજ પુલકિત, નવપલ્લિત થયો. સુખ શાંતિ વધવા લાગી. માનવ સમાજનું મસ્તક સત્કાર્યો શ્રેષ્ઠતા માટે હમેશ ઝૂકેલું રહેશે. પ્રકાશના કિરણોની માફક તેમનો ત્યાગ, બલિદાન હમેશા પ્રેરણા આપતો રહેશે.

શારીરિકબળ અને બુદ્ધિથી ઓછું ધનનું મહત્ત્વ ઓછું નથી. રચનાત્મક કાર્યો પાછળ કરાયેલ ખર્ચ સુખશાંતિ વધારવા પોતાનું યોગદાન આપી શકે છે. પાછલાં દિવસોમાં મનુષ્યે ધનનો જેટલો સદુપયોગ કર્યો, તેનાથી વિશેષ દુરુપયોગ કરવામાં આવ્યો. સર્જનને બદલે વિનાશ પાછળ ખર્ચ કર્યો. પરિણામ સ્વરૂપે સાધનાનો ઉપયોગ સુખશાંતિના વિકાસ પાછળ થઇ શકત, પરંતુ મોટો ભાગ વિનાશ પાછળ ખર્ચાયો. થોડા સમય પહેલાં પૂર્વ રોમાનિયાના પંડિતોએ બહાર પાડેલ રિપોર્ટમાં કરાયેલી શોધનું વિવરણ બતાવવામાં આવ્યું કે વિનાશ કરનારાં યંત્રો પાછળ કેટલો બધો ખર્ચ કરવામાં આવ્યો છે. તેમના રિપોર્ટ પ્રમાણે સરેરાશ એક મિનીટમાં શસ્ત્રોપાછળ દસ લાખથી એંશીહજાર ડોલરનો ખર્ચ થાય છે. એ ખર્ચથી પાંચ હજાર ટન દૂધ પ્રાપ્ત કરી શકાય.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લાખો વ્યક્તિઓની રોટલી તેમજ કરોડો બાળકો દૂધના અભાવે શારીરિક નબળાઈવાળાં હોય છે, તેમને પોષાક આહાર પ્રાપ્ત થઈ શકે એમ છે.

આ રીતે માત્ર એક મિનીટ પૂરતાં શસ્ત્રોના ઉત્પાદનનો વેગ રોકવામાં આવે તો તેમની બચતથી એકસો કુટુંબની આજીવિકાની વ્યવસ્થા થઈ શકે તેમજ નાના (ભારતીય સ્તરના મોટાં) મકાનો તૈયાર થઈ શકે, જેથી ગરીબો માટે રહેવાની વ્યવસ્થા કરી શકાય. એક સામાન્ય પ્રકારની રાયફલનો ખર્ચ ૨૧૦૦ રુપિયા થાય છે. તેમાંથી એક આધુનિક હળ તૈયાર થઈ શકે, મશીનગન રુપિયા. ૧૨૦૦૦ માં તૈયાર થાય છે તેમાંથી એક ટ્રેક્ટર તૈયાર કરી શકાય. એક યુદ્ધ વિમાન બનાવવા પાછળ ૭૨ કરોડ રુપિયાનો ખર્ચ થાય છે. તે ખર્ચથી અર્વાચીન ચિકિત્સા યંત્રોથી સુસજ્જિત ૧૬ હોસ્પીટલો બનાવી શકાય. રોગ મુક્તિ અને સારા સ્વાસ્થ્ય માટે લાખો વ્યક્તિઓ લાભ લઈ શકે, બાર અરબ રુપિયામાં એક સબમરીન તૈયાર થાય છે. તેનાથી શિક્ષણ આપનાર દસ હજાર વિદ્યાલયો તૈયાર થઈ શકે.

એક મિનીટમાં સમસ્ત વિશ્વમાં ૮૦ લાખ રુપિયા સંહારક શસ્ત્રોના ઉત્પાદન પાછળ ખર્ચાય છે. એક દિવસમાં વિનાશકારી યંત્રો પાછળ ૧૧ અરબ ૫૨ કરોડ રુપિયા તેમજ એક માસમાં ૩ ખરબ ૪૫ અરબ ૬૦ કરોડ રુપિયા ખર્ચાય છે. એક વર્ષના હિસાબે આ સંખ્યા ૪૧ ખરબ ૪૭ અરબ ૨૦ કરોડ રુપિયા જેટલી થાય તેમ છે. આ ખર્ચ ઘણો જ ચોંકાવનારો ગણાય. એ ધનથી ઘણી યોજનાઓ તૈયાર થઈ શકે. લાખો નાના ઉદ્યોગો તૈયાર થઈ શકે. અરબો લોકોને રોજી રોટી મળી શકે. અભાવ, દુઃખ, ક્લેશનું સામ્રાજ્ય વિશ્વમાં ફેલાયું છે. એના નિવારણ માટે ધનનો ઉપયોગ કરાય તો થોડાંક વર્ષોમાં સંસારના સમસ્ત દુખઃ દૂર થઈ શકે.

આ ખર્ચ યુદ્ધ સ્વરુપે જ બતાવવામાં આવ્યો છે, બીડી સિગારેટ પણ ઓછા ઘાતક નથી. એમના ઉત્પાદનમાં પણ ઘણું ધન ખર્ચાઈ રહ્યું છે. એકલા ભારતામાં તમાકુ પાછળનો ખર્ચ પેટે લગભગ ૪૧ અરબ ૬ કરોડ ૪૦ લાખ રોકાણ થયું છે. અંદાજ પ્રમાણે ભારતમાં ૧૫ કરોડ લોકો બીડી-સિગારેટ પીવે છે,એ રીતે દરેક વર્ષે ૭૫૦ કરોડ રુપિયાનો ઘાટો દેશે ભોગવવો પડે છે. શરાબ પાછળ તેથી વધારે રોકાણ થયું છે. જો શરાબને બીડી સિગારેટની જેટલી માનવામાં આવે તો બીડી-સિગારેટ, શરાબનો કુલ ખર્ચ ૧૪૪૦ કરોડ રુપિયા જેટલો થાય.

પરોક્ષ તેમજ પ્રત્યક્ષ હાનિ પ્રત્યે માનવીય ઉત્સાહ એને વિનાશના ટેકરા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તરફ લઇ જઇ રહ્યો છે. આગળ વધતાં પગલાં એ સૂચવે છે કે સર્જનાત્મક કે રચનાત્મક સત્કાર્યોથી માનવ કેટલો બધો દૂર જઇ રહ્યો છે. ધનના ખોટા થતા ખર્ચને રોકવામાં આવે તેમજ તેનો સદુપયોગ મનુષ્યમાં ફેલાયેલ દુઃખ, ક્લેશના નિવારણ પાછળ કરવામાં આવે તો સમસ્ત સંસાર માટે ઘણું જ શ્રેષ્ઠ થશે. સંહાર ઉગરી જશે.

જગતમાં ૧૫૦ કરોડ મનુષ્યોની વાર્ષિક આવક ૫૦૦ રુપિયાથી પણ ઓછી છે. માસિક ૪૦ રુપિયાથી ગુજરાન કરનાર અડધી જનતા એવી છે કે સરેરાશ તેમનું જીવન લગભગ ખલાસ થવા જેવું જીવન જીવે છે. તેમના પેટપૂરતું અનાજ તેમજ શરીર ઢાંકવા માટે પૂરતાં વસ્ત્રો ભાગ્યે જ મળે છે. મોટાભાગના લોકો અડધા ભૂખ્યાં રહીને સૂઇ જાય છે. તેમજ ફાટેલાં કપડાંથી શરીરની લાજ સાચવે છે.

દારિદ્રય નિવરણ માટે કંઇ ન થઇ શકે ? એ દિશામાં સહયોગ માટે જનતા અસમર્થ છે ? વિશેષજ્ઞોનું કહેવું છે કે પ્રગતિ તેમજ વર્ચસ્વનો દાવો કરનારા બે રાષ્ટ્રો રશિયા અને અમેરિકા હળીમળી ને એ દિશામાં પ્રયાસ કરે તો ઘણું થઇ શકે તેમ છે. એ બંને રાષ્ટ્રોમાં જેટલો ખર્ચ તેમજ જનસંખ્યા કામે લાગી છે તેને પીડીત (દુઃખી) મનુષ્યોની સેવા કરવાને માટે કે ઉંચા ઉઠાવવાના પ્રયાસ કરવામાં આવે તો એમની પોણા બે કરોડ લોકોની આવક થોડાક માસમાં બે ગણી થઇ શકે. ૫૦૦ રુપિયા ને બદલે ૧૦૦૦/- રુપિયા માસિક આવક થઇ શકે. દરિદ્રતાને ઉંચે ઉઠાવીને સામાન્ય જનજીવનની જરૂરી વસ્તુઓ સહેલાઇથી પ્રાપ્ત કરી શકાય.

એ ધનનો સદુપયોગ બીજે વર્ષે કરવામાં આવે તો લગભગ ૨૦ કરોડ મનુષ્યોના રહેઠાણ માટે મકાનો બનાવી શકાય. જેઓ આજે જંગલી પશુઓની માફક જીવન જીવી રહ્યા છે. પ્રથમ વર્ષે મકાન, બીજે વર્ષે ગૃહઊદ્યોગ, ત્રીજે વર્ષે શિક્ષણ, ચોથે વર્ષે આરોગ્ય, પાંચમે વર્ષે વીજળી, બંધ, હેરફેર માટે ટ્રાફિક, (બસ રેલવે વગેરે), સંચાર (તાર,ટપાલ,ટેલીફોન) ની યોજનાઓ કરવામાં આવે તો પ્રથમ પાંચવર્ષીય યોજનમાં જ પોણા બે અરબ એટલે કે લગભગ અડધા વિશ્વના લોકોનું ભાગ્ય પલટાઇ શકે. આટલું તો રશિયા તેમજ અમેરિકા જ કરી શકે છે. હવે જો જગતનાં અન્ય દેશો આ દિશામાં આગળ વધે તો સમજવું જોઇએ કે પછાત વિસ્તારોનો અંત આવી ગયો. દુઃખ શોકનું વાતાવરણ ક્યાંય જોવા નહિ મળે. સર્વત્ર સુખશાંતિ પ્રસરી જશે.

વિનાશની પ્રગતિ અને પરિણામોથી સૌ કોઇ પરિચિત છે. આમ છતાં પણ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંસારનું સર્વોત્તમ પ્રાણી મનુષ્ય વિનાશની પ્રવૃત્તિઓમાં આગળ વધી રહ્યો છે. તમામ દેશોમાં વિનાશકારી શસ્ત્રોના ઉત્પાદનની હરીફાઇ ચાલી રહી છે. પ્રગતિનો માપદંડ ઉત્તમ વિચારશીલ વ્યક્તિઓ દ્વારા એ આધારે પ્રમાણિત કરાઇ રહ્યો છે કે ક્યું રાષ્ટ્ર કેટલાં વિનાશકારી શસ્ત્રોનું ઉત્પાદન કરી રહ્યું છે અથવા કરી ચૂક્યું છે? બુદ્ધિનું દેવાળું કાઢનાર મનુષ્ય પ્રગતિશીલ હોવાનો દાવો જો આ આધારે કરે કે આપણે અધિક વિનાશકારી શસ્ત્રોનું ઉત્પાદન કર્યું છે અથવા કરી રહ્યા છીએ તો એમ કહેવું પડશે કે આજે વિકાસ પામેલ મનુષ્ય કરતાં પાષાણયુગનો પછાત મનુષ્ય અધિક પ્રગતિશીલ હતો. જે જીવજંતુ પ્રાણીઓ અધિક હિંસક હોય, તેને પણ અધિક પ્રગતિશીલ કહેવાય.

માપદંડનો આધાર જો આ પ્રમાણે રહેશે તો તમામ વ્યાખ્યાઓ બદલાઇ જશે. સંસ્કૃતિ સભ્યતાનો માનવીનો આધાર બંધન વિનાનો થઇ જશે. ઉત્ક્રાન્તિનો મત આ પ્રમાણે રહેશે તો પુરાણી માનવ કલ્યાણવાળી માન્યતાઓ બદલાઇ જશે. રામની જગ્યા પર રાવણની પૂજા થશે. હિટલર, નેપોલિયન જ માનવીના આદર્શ હશે. આ પ્રકારની આપત્તિના વિચાર માત્રથી હૃદય કંપી ઉઠે છે.

સર્જન, રચનાત્મક કાર્યોનું મહત્ત્વ સમજાય એ અતિ આવશ્યક છે. વિનાશ અર્થે વપરાતી સંપત્તિને રોકવામાં આવે, જગતમાં ફેલાયેલી ગરીબાઇ (દરિદ્રતા), રોગ-ક્લેશને દૂર કરવા માટે સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવે. માનવની વિચારશીલતા તેમજ શ્રેષ્ઠતા એમાં જ સમાયેલી છે.

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org